# જાગૃતિ સંદેશ

કિંમત : રૂ. ૫.૦૦

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૫૬ – ડિસેમ્બર - ૨૦૧૨






## ૨૦૧૩ની પ્રથમ સુંદર સવારે

## HAPPY NEW YEAR

સાન્ટા ક્લોઝ આવ્યા, જેજેસી માટે શું શું લાવ્યા...

| | | |
|---|---|---|
| સુખ | વિશ્વશાંતિ | સમૂહલગ્ન |
| સમૃદ્ધિ | ભાઈચારો | યુવામેળા |
| સંતોષ | વિશ્વબંધુત્વ | શિક્ષણ અભિયાન |
| તંદુરસ્તી | ન આતંકી | માનવરાહત |
| પ્રેમ | | જીવદયા |
| શ્રદ્ધા | | અને |
| સબૂરી | | ભરપૂર મનોરંજન |



## નવદંપતીનાં સ્વપ્નોની દુનિયા

પ્રેમ કી ગલી મેં એક છોટા સા
ઘર બનાયેંગે
વો ખેલ ખેલતે બચ્ચે હોંગે
ઔર
ખુશખુશાલ મમ્મી-પપ્પા હોંગે
આંગન મેં એક સુંદર ગાડી હોગી
ઐસા સુંદર સપના અપના જીવન હોગા
ઝિલમિલ સિતારોં કા આંગન હોગા
રિમઝિમ બરસતા આનંદ હોગા...

# કુટુંબની તંદુરસ્તી માટે, એક માત્ર વિશ્વાસ **રાઈસીલા** ઉપર



A product from an
ISO 9001:2008 & HACCP
Certified Company

# RICELA

## Physically Refined Rice Bran Oil

- 'રાઈસીલા' એક માત્ર એવું ખાદ્ય તેલ છે જેના રીફાઈનીંગમાં કોસ્ટીક અને એસીડ નો ઉપયોગ થતો નથી.
  - ફીઝીકલી રીફાઈન કરવાથી પૌષ્ટીક તત્વ વધુ જળવાઈ રહે છે.
- 'રાઈસીલા'માં રહેલું અનોખું ગુણકારી તત્ત્વ ઓરીઝનોલ (Oryzanol) થી ભરપુર છે જે કોલેસ્ટ્રોલને સમતુલિત કરવામાં મદદ કરે છે.
  - ગુણકારી/HDL ને વધારે છે અને નુકસાનકારક/LDL- VLDL ને અત્યંત ઘટાડે છે.
- 'રાઈસીલા' માં બધા પ્રકારની ફેટ સમતુલિત માત્રામાં હોવાને કારણે આ તેલનો ઉપયોગ લાંબો સમય કરી શકાય છે.
  - દેશ વિદેશના આહાર સલાહકાર સંસ્થાઓ દ્વારા પ્રમાણીત થયેલ છે.

Available at Malls & Selected Retail Outlets.



Dr. A. R. Sharma, Chairman of the Company receiving First National Award for R & D efforts in developing a unique Physical Refining Process.

Contains unique nutraceuticals
**Oryzanol & Tocotrienols (Vit-E)**
having scientifically
**proven health benefits**

Physically Refined
**Rice Bran Oil**

with ORYZANOL Guarantee




3 Times NATIONAL AWARD Winner

Trans-fat FREE

with Natural VITAMIN E

a balanced oil for the balanced diet

ADVT

ricela Health Foods Ltd.

For details call us at 1800-180-2411 (Toll Free) • www.ricela.com
Mumbai Tel.: 022 2500 8776 Cell.: 9820404943 • E mail : jatin.ricela@gmail.com

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચેરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચેરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચેરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચેરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેષ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેષ સી. ગાંધી |
| | શ્રી રાજેષ આર. ભણશાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચેરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચેરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચેરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચેરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી પ્રવીણ એ. શાહ |

શ્રી રમેશ એમ. સંઘવી

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



છૂટક મૂલ્ય રૂા.૫/-    વાર્ષિક લવાજમ રૂા.૫૦/-


## Message From The CHAIRMAN.....



### પ્રિય સ્નેહાળ સભ્યો,

જય જિનેન્દ્ર,

વર્ષા ઋતુએ વિદાય લીધી, તહેવારોની મોસમ પણ આથમી ગઈ અને આપણા દેશમાં સૌથી લોકપ્રિય ઋતુ શિયાળો ધીમેધીમે સરકતો નજીક આવી ગયો. આપણે એટલા ખુશનસીબ છીએ કે કુદરતે આપણને સમશિતોષ્ણ ઋતુચક્રની ભેટ આપી છે. દરેક ઋતુને ચારચાર મહિના ફાળવ્યા છે. કોઈ ઋતુ અતિરેક કરી ભારતવાસીઓને પરેશાન કરતી નથી. એટલે જ મધ્યપૂર્વથી નીકળેલા આર્યોએ કાયમી વસી જવા આ ધરતી પસંદ કરી.

અહીં ડગલે ને પગલે લીલાંછમ મેદાનો, હરિયાળાં જંગલો, વહેતી બારમાસી નદીઓ છે. ત્રણ બાજુ ઘુઘવતા સાગરો છે. જેને ઉલેચીને મેઘરાજા આપણા માટે મીઠું પાણી લઈ આવે છે. કુદરતની આટલી મહેરબાની કોઈ દેશ પર નહીં હોય! કુદરત આપણને હેરાન કરતી નથી, પણ આપણે કુદરત સાથે અટકચાળા કરવાનું ચાલુ કરી દીધું છે. જંગલો સફાચટ કરી નાખ્યાં, પર્વતોને માથે ટકો-મૂંડો કરી નાખ્યો, નદીઓને બંધ બાંધી નાથી લીધી, ભૂગર્ભ ખાલી કરી પોલા કરી નાખ્યા. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વરસાવી સમતુલા ખોરવી નાખી.

હવે કુદરત ભઠે નહીં તો શું થાય? એ તો સારું છે કે આપણી જેમ જ ૩૩ કરોડ દેવ-દેવીઓને પણ ભારતની ભૂમિ પસંદ આવી જતાં અહીં જ તેમણે વસવાટ કર્યો છે જેઓ આપણું રક્ષણ કરે છે!! (આ દેશ ભગવાન ભરોસે ચાલે છે.)

શિયાળો એટલે હૂંફની સિઝન. રાત લાંબી અને દિવસ ટૂંકો છતાં આપણી Efficiency સૌથી વધુ શિયાળામાં હોય! શિયાળો એટલે આહ્‌લાદક અહેસાસ! બીજાની ખબર નથી, પણ આપણા ગુજરાતીઓ તો મેથીપાક, સાલમપાક, અડદિયા જેવાં વસાણાં ખાઈખાઈ આખા વર્ષ માટે Energy ભરી લે. ચાલો તમને દરેકને તાજગીભરી શુભેચ્છા પાઠવું છું. Enjoy the winter!

સિઝન આવી ગઈ સગપણ અને લગ્નની. દરેક વર્ષે લાગે છે કે આ વર્ષે ઘણાં જ લગ્ન છે. દરેકને સંબંધો એટલા વધી ગયા છે કે કોઈ કોઈ શુભ દિવસે તો ચાર-પાંચ લગ્નમાં હાજરી આપવાની થાય છે.

આપણા જેજેસીના આંગણે વેવિશાળની અને લગ્નની મોસમ ચાલુ થઈ જશે. ડિસેમ્બર એટલે સમૂહલગ્નનો મહિનો. ૧૬મી ડિસેમ્બરે જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત ૧૮મો સમૂહલગ્ન સમારોહ આ વર્ષે જુહુ ખાતે નિરધારેલ છે. મુંબઈનાં બધાં જ સેન્ટરોનો આ સહિયારો

પ્રસંગ છે. બધાં જ સેન્ટરો ખૂબ જ ઉત્સાહથી આ પ્રસંગને પોતાનો ગણી તન-મન-ધન લગાવી ભવ્યતાથી પાર પાડે છે. જેજેસી ૨૧ દીકરીઓને સાસરે વળાવવાનો સંતોષ લે છે અને આમ કરવાથી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યાનો આત્મસંતોષ મેળવે છે.

હમણાં જ તા. ૨૫ નવેમ્બરે જેજેસી-સયાજી નગરી દ્વારા વડોદરા ખાતે સેન્ટરના પ્રથમ સમૂહલગ્નમાં ૧૦ યુવા બેલડી લગ્નની ગાંઠે બંધાઈ. હું જેજેસી-સયાજીનગરીના પ્રમુખ શ્રી દિવ્યાંગ શાહ તથા તેમની સંપૂર્ણ ટીમને ધન્યવાદ પાઠવું છું. પોતાના જ ઘરે લગ્ન પ્રસંગ હોય તેટલી ચીવટ લઈ વ્યવસ્થા અને ભવ્યતાથી આ પ્રસંગ પાર પાડયો.

આ જ પ્રમાણે ૯મી ડિસેમ્બરે દરેક વર્ષની જેમ જેજેસી-સુરેન્દ્રનગર ખાતે ૧૯મા સમૂહલગ્નના આયોજનની પૂર્વ તૈયારી ચાલી રહી છે. તેમને પણ આ અવસર રંગેચંગે પાર પડે તેવી શુભેચ્છા પાઠવું છું. આ રીતે સમૂહલગ્નનું આયોજન એ જેજેસી માટે કાયમી પ્રોજેક્ટ બની ગયો છે. અત્યાર સુધી જેજેસી દ્વારા આયોજિત સમૂહલગ્નમાં લગભગ ૧૧૦૦ જેટલાં યુવક-યુવતીઓ લગ્નની ગાંઠે બંધાઈ ચૂક્યાં છે.

અન્ય પ્રસંગમાં તા. ૨૪મી નવેમ્બરે આપણા મુખપત્ર જાગૃતિ સંદેશના તેમના તંત્રીપદ હેઠળ પ્રકાશિત થયેલા ૧૦૧મા અંકના વિમોચન નિમિત્તે તંત્રી શ્રી રમેશ સંઘવીનો સન્માન સમારોહ યોજવામાં આવેલ. જેજેસી-સેન્ટ્રલ બોર્ડ દ્વારા આયોજિત આ સમારંભને સૌજન્ય પ્રાપ્ત થયું રમેશ સંઘવીના મૂળ સેન્ટર જેજેસી-ગોલ્ડન ગારોડિયાનું. આ અવસર ખૂબ જ ગરિમાથી ઊજવાયો જેમાં રમેશ સંઘવી અને તેમના પરિવારનું સન્માન કરી જેજેસીએ એક આગવી પરમ્પરા શરૂ કરી.

રમેશભાઈએ કોઈ પણ જાતના વળતરની અપેક્ષા વિના નિષ્ઠાપૂર્વક આ કાર્ય નવનવ વર્ષથી અવિરતપણે સફળતાપૂર્વક કરી જેજેસી પરિવારમાં Fellowship બળવત્તર કરવા નિમિત્ત બન્યા, તેની કદર કરી મુંબઈનાં અને બહારગામનાં ઘણાંબધાં સેન્ટરોના પદાધિકારીઓ ઊમટયા અને સાબિત કરી દીધું કે રમેશભાઈ જેજેસીના હૃદયમાં વસી ગયા છે. રમેશભાઈને સ્મૃતિચિહ્નરૂપે ટ્રૉફી તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યાં. ફરી ફરી વાર તેમનું, તેમના સેન્ટરનું અને તેમના પરિવારનું અભિવાદન કરું છું.

જેજેસી પરિવારમાં બહુધા સભ્યો વ્યાપારી વર્ગમાંથી આવે છે. મારી આ દરેક જેજેસિયનોને વિનંતી છે કે રમેશભાઈના આ ઉત્સાહને અનુમોદનારૂપે જાગૃતિ સંદેશને સ્વનિર્ભર બનાવવા દરેક સેન્ટર અનુરૂપ જાહેરખબર લાવે. ૧૬૦૦૦ નકલના ફેલાવા સાથે જૈન કુટુંબના ઘરેઘરે વંચાતા આપણા આ મૅગેઝિનનો Marketing Impact અનન્ય છે જેથી આ કાર્ય સહેલું જ છે, જરૂર છે ફક્ત થોડા પ્રયત્નોની.

જેજેસી એક પછી એક માઇલ સ્ટોન વટાવતું જાય છે. તા. ૧૮ નવેમ્બરના રોજ જેજેસીના ૧૫૧મા સેન્ટર જેજેસી-નિમ્બાહેડાને ચાર્ટર એનાયત કરવામાં આવ્યું. નિમ્બાહેડા એ જેજેસી રાજસ્થાન ખાતે ૬ઠ્ઠું સેન્ટર છે. ૭૦૦ જેટલા સુખી જૈન પરિવાર ધરાવતું આ શહેર રાજસ્થાનના ચિતોડની નજીક આવેલું છે. સેન્ટરના પ્રમુખ શ્રી અશોક નવલખા આ વિસ્તારના ભૂતપૂર્વ M.L.A. છે. તેમણે સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે દરેક જૈન સંસ્થાને આમંત્રણ આપેલ. શહેરમાં વસતા દરેક જૈન પરિવારના પ્રતિનિધિ આ અવસરે હાજર રહ્યા.

ઉદ્‌ઘાટન સમયે સભ્યસંખ્યા ૭૦ પરિવારની હતી. હું આ સેન્ટરને આપણા પરિવારમાં આવકારું છું અને પ્રમુખ શ્રી અશોક નવલખા અને તેમની કારોબારી ટીમનું અભિવાદન કરું છું. શ્રી અશોકભાઈએ ટૂંક સમયમાં જ રાજસ્થાનમાં બીજા ૮/૧૦ સેન્ટર ખોલવાનો મનસૂબો જાહેર કર્યો છે.

જૈન જાગૃતિ સેન્ટરનો બીજો સમાજલક્ષી કાર્યક્રમ 'યુવામેળો' છે. દરેક વર્ષે જેજેસી દ્વારા પાંચ-છ યુવામેળાનું ભવ્ય આયોજન થાય છે. અત્યાર સુધીમાં જેજેસીના આવા મંચ પર લગભગ ૭૦૦૦૦ લગ્નઈચ્છુક યુવક-યુવતી ભાગ લઈ ચૂક્યાં છે. હાલમાં તા. ૧ ડિસેમ્બરના રોજ જેજેસી-જુહુ બીચ, બીચ સાઈડ અને સી સાઈડના સંયુક્ત નેજા હેઠળ જુહુ ખાતે એક ભવ્યાતિભવ્ય યુવામેળાનું આયોજન કરવામાં આવ્યું. Will you marry me! ના Concept ધરાવતા આ યુવામેળામાં ૧૫૧ યુવક અને ૧૮૯ યુવતીઓએ લાભ લીધો. આજની યુવા પેઢી નિખાલસ અને સ્પષ્ટવક્તા થઈ ગઈ છે. પોતાનાં મંતવ્યો હિંમતપૂર્વક કહી શકે છે અને સ્વતંત્રપણે નિર્ણય લઈ શકે છે તેમ હું જરૂરથી કહીશ. યુવામેળાની વ્યવસ્થા અજોડ હતી. ત્રણેય સેન્ટરના કુલ ૫૧ જેટલા કારોબારી સભ્યો ફરજ પર લાગી ગયા હતા. તેનું આ પરિણામ હતું. હું ત્રણેય સેન્ટરના પ્રમુખ તથા બધા જ પદાધિકારીઓને અભિનંદન પાઠવું છું.

જેજેસીના ચૅરમૅનના હોદ્દાને ગ્રહણ કર્યાને એક વર્ષ પૂરું થશે, ત્યારે મારા કાર્યની સમીક્ષા કરી રહ્યો છું. દરેક સેન્ટરની મુલાકાત લેવાનો દોર ચાલુ જ છે.

તાજેતરમાં એ અન્વયે મેં પ્રફુલ્લ કામદાર સાથે જેજેસી-લેડીઝ વિંગ ઉદયપુરની મુલાકાત લીધી. મહિલા દ્વારા ચાલતા એ સેન્ટરની કાર્યપ્રણાલિકાથી અમે વિશેષ પ્રભાવિત થયા. તેઓ મહિલા માટે સિવણ વર્ગ ચલાવે છે અને મહિલાઓને

ટ્રેનિંગ આપી પગભર થવા પ્રોત્સાહન આપે છે. દર વર્ષે ત્રણ દિવસનો Funfare રાખી તેમાં મહિલાઓએ બનાવેલ વસ્ત્રો, કલાકૃતિઓ તથા અન્ય સામગ્રીના સ્ટોલ રાખી મહિલાઓને ઉત્સાહિત કરે છે. મહિલા સભ્યો સાથે મિટિંગ કરવાનો મોકો મળ્યો. બધાએ આનંદ વ્યક્ત કર્યો.

છેલ્લાં સાત વર્ષથી જેજેસી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટરનું ભવ્ય આયોજન થાય છે. આ વર્ષે પણ તા. ૧૦-૧૧-૧૨-૧૩ જાન્યુઆરી દરમિયાન મુંબઈ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ક્રિકેટ જેવી રમતથી યુવાનોમાં અનેક ગુણ ખીલી ઊઠે છે. હું દરેક બહારગામના સેન્ટરને પણ અપીલ કરું છું કે તેઓ પણ તેમની ટીમને મુંબઈ રમવા માટે મોકલે! આનાથી યુવા વર્ગને પ્રોત્સાહન મળે છે.

પરિવારના ૧૦૦મા સેન્ટર જેજેસી-કોલકાતાએ ૧૦ વર્ષની સફર પૂરી કરી તે નિમિત્તે તેમણે વિશિષ્ટ રીતે ઉજવણી કરી. તેમાં ભાગ લેવા સેન્ટ્રલ બોર્ડમાંથી હું, પ્રફુલ્લ કામદાર તથા જયંતી છાડવા ગયેલા. સેન્ટરનો જુસ્સો અને શક્તિ જોઈ અમે ખૂબ જ પ્રભાવિત થયા. જેજેસ-કોલકાતાના પ્રમુખ શ્રી અનિલભાઈ તથા સંપૂર્ણ કમિટીને મારાં અભિનંદન.

સંસદના આ સત્રમાં FDI બાબત જબરદસ્ત અફડાતફડી ચાલી. FDIનાં લેખાં-જોખાં તો મીડિયામાં બહુ ચર્ચાયાં, પણ આપણે તેમાં ન જતા આપણી કહેવાતી પરિપક્વ લોકશાહીની સંસદ કાર્યવાહી વિશે વિમર્શ કરીએ. FDI વિષયક સંસદના બધા રાજકીય પક્ષો હુતુતુતુ રમ્યા.

જે પક્ષ FDIની તરફેણમાં દશ વર્ષ પહેલાં હતો તેજ પક્ષ આ વખતે તીવ્ર વિરોધમાં હતો. ચર્ચામાં કોઈ જ પક્ષની નૈતિકતાનાં દર્શન થયાં નહીં. ફક્ત રાજકીય હુંસાતુંસી અને સત્તા માટેની લાલસા દેખાઈ આવી. આમાં પ્રજાનું શું? સંસદમાં જે રીતે કાર્યવાહી ચાલે છે તે ક્ષોભજનક છે. સંસદની કાર્યવાહી ખોરવીને રાજકીય પક્ષો શું ગૌરવ લેતા હશે? આમાં તો પ્રજાના પૈસાનો ધુમાડો થાય છે. અસભ્ય વાણીવિલાસ અને અરુચિકર દૃશ્ય સર્જાય છે. એકવાર પ્રતિનિધિઓને ચૂંટી મોકલ્યા બાદ આમ જનતાનો તેમના પર કોઈ કાબૂ નથી. નથી તે ચૂંટાયેલા પ્રતિનિધિઓને પ્રજાનાં સુખ-દુઃખની પરવા!

આપણા લોકપ્રતિનિધિઓ ભૂલી જાય છે કે તેઓ લોકકલ્યાણ માટે આવ્યા છે. પ્રજાનું હિત જોવાનું, નહીં કે અમુક વર્ગનું!

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## પ્રવાસ-પિકનિક-ધર્મયાત્રા સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસસ્થળ | દિનાંક |
|---|---|---|
| દહિસર | પિકનિક - સાઈલેન્ટ રિસોર્ટ | તા. ૨૫-૧૧-૨૦૧૨ |
| ગોલ્ડન ગારોડિયા | યાત્રા : શહાપુર, માનસ મંદિર, ધર્મચક્ર ગોટી, તાકેડ | તા. ૭-૧૦-૨૦૧૨ |
| રાજાવાડી | રાજગૃહી, પાવાપુરી, વિરાયતન, લચ્છવાડ, નાલંદા તથા શિખરજી વગેરે | આવવા-જવા હવાઈ પ્રવાસ રૂા. ૧૬,૦૦૦/- તા. ૧૬-૧૧-૨૦૧૨થી તા. ૨૨-૧૧-૨૦૧૨ |
| જુહુ | યાત્રા : નાગેશ્વર, મોહનખેડા, ઓમહ્રિંકારગિરિ પાર્શ્વનાથ, ઉજ્જૈન વગેરે | તા. ૨૯-૧૧-૨૦૧૨થી તા. ૦૪-૧૨-૨૦૧૨ |

## આગામી પ્રવાસ-પર્યટન-પિકનિક-ધર્મયાત્રા

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ગોલ્ડન ગારોડિયા | ૨૧-૨-૨૦૧૩થી ૨૪-૨-૨૦૧૩ | પાલિતાણા | |
| તાડદેવ ગ્રુપ | ૨૨-૧-૨૦૧૩થી ૨૬-૧-૨૦૧૩ | રણ મહોત્સવ | |

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃતનગર | : | ૧૦-૧૧-૧૨ | નાટક : '5 Star આન્ટી' | ★ |
| | | ૨૪-૧૧-૧૨ | ભજનસંધ્યા : 'ફાલ્ગુની પાઠક'ના સથવારે 'ભજનસંધ્યા' | ✉ |
| • બોરીવલી | : | ૨૩-૧૧-૧૨ | નાટક : '5 Star આન્ટી' | ★ |
| | | ૨૫-૧૧-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ▲ |
| • ભાંડુપ-વિક્રોલી | : | ૨૮-૧૧-૧૨ | નાટક : '5 Star આન્ટી' | ✉ |
| • ચેમ્બુર | : | ૧૯-૧૧-૧૨ | મૂવી : 'જબ તક હૈ જાન' | ✉ |
| | | ૨૬-૧૧-૧૨ | નાટક : '5 Star આન્ટી' | ✉ |
| • દાદર | : | ૨૦-૧૧-૧૨ | મૂવી : 'જબ તક હૈ જાન' | ✉ |
| | | ૨૬-૧૧-૧૨ | નાટક : 'અધૂરા તો મધુરા' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | : | ૨૦-૧૧-૧૨ | રંગારંગ : 'સપ્તરંગી રસધારા' – ભાનુ વોરા | ★ |
| • જેમ્ જગડુશા | : | ૦૧-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ★ |
| • જૂનાગઢ | : | ૦૪-૧૧-૧૨ | દાંડિયારાસ : 'શરદપૂનમની ઉજવણી' | ★ |
| • જામનગર (વેસ્ટ) | : | ૦૪-૧૧-૧૨ | રાસગરબા : 'Bye Bye નવરાત્રિ-૨૦૧૨' | ✉ |
| • જામનગર લે. વિંગ | : | ૦૪-૧૧-૧૨ | રાસગરબા : 'Bye Bye નવરાત્રિ-૨૦૧૨' | ✉ |
| • કાંદિવલી | : | ૦૪-૧૧-૧૨ | રંગારંગ : 'એક શામ જેજેસી મેમ્બર્સ કે નામ' | ★ |
| | | ૨૬-૧૧-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ✉ |
| • મુલુંડ | : | ૦૩-૧૧-૧૨ | નાટક : 'દિલ કોઈનું દાવ કોઈનો' | ✉ |
| | | ૨૯-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| • મલાડ | : | ૨૪-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ★ |
| • વાપી | : | ૦૩-૧૧-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ✉ |
| | | ૨૬-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૦૫-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ★ |
| • પનવેલ | : | ૦૧-૧૧-૧૨ | નાટક : 'થેંક યુ શિવાની' | ✉ |
| • રાજાવાડી | : | ૦૩-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| • સાયન-માટુંગા | : | ૦૨-૧૧-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| • તાડદેવ ગ્રુપ | : | ૦૨-૧૧-૧૨ | નાટક : 'દિલ કોઈનું દાવ કોઈનો' | ✉ |
| | | ૦૪-૧૧-૧૨ | 'આઈસક્રીમ મેલા' | ▲ |
| | | ૨૫-૧૧-૧૨ | મૂવી : 'જબ તક હૈ જાન' | ✉ |
| • વાપી | : | ૦૩-૧૧-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ✉ |
| • વિલે પાર્લે | : | ૦૪-૧૧-૧૨ | નાટક : '5 Star આન્ટી' | ★ |
| | | ૨૨-૧૧-૧૨ | મૂવી : 'જબ તક હૈ જાન' | ✉ |
| | | ૨૫-૧૧-૧૨ | મૂવી : 'સન ઑફ સરદાર' | ▲ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# જેજેસીની આજકાલ

## જેજેસી - ભુજ

ગત મહિનામાં સેન્ટરે કરેલા વિવિધરંગી કાર્યક્રમમાં ૧૭મા ચાર્ટર-ડે નિમિત્તે ૧૦૦ જેટલાં બાળકોનું સરસ્વતી સન્માન, બાળકો દ્વારા રજૂ ટેલન્ટ શો (નૃત્ય-એકપાત્રીય અભિનય વગેરે અભિવ્યક્તિ રજૂ કરતો શો)નું આયોજન થયું. ઈનામો આપી બાળકોને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

આ ઉપરાંત જીવદયા પ્રવૃત્તિ અન્વયે સુપાર્શ્વ સેવા મંડળની બીમાર ગાયોની સંભાળ લઈ ઘાસ નીરવાનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો. સંપૂર્ણ કારોબારી કમિટીના પ્રયત્નોથી બન્ને કાર્યક્રમો સફળ થયા. *અહેવાલ : પૂર્વી બાબરિયા*

## જેજેસી - રાપર

શરદપૂર્ણિમા નિમિત્તે રાપરના સમગ્ર જૈન સમાજ માટે જેજેસી-રાપરે દાંડિયારાસ તથા વિવિધ કાર્યક્રમનું આયોજન કરેલ. તેમાં દરેક ઉંમરના ગ્રુપની વેશભૂષા હરીફાઈ રાખેલ. વિજેતાઓને શ્રી વાડીલાલ મોરબિયા તથા શ્રી રમેશ દોશી દ્વારા ઈનામો આપી બિરદાવ્યા હતા.

દિવાળી પર્વ નમિત્તે સેન્ટર દ્વારા માનવરાહત પ્રવૃત્તિ કરવામાં આવી. દિવાળી પર્વ સમાજના બધા જ વર્ગો માટે છે, ત્યારે અમુક વર્ગ તેની ઉજવણી કરે અને અન્ય વર્ગ જે આર્થિક રીતે થોડો મજબૂર હોય તેનાં બાળકો-પરિવાર દિવાળીની ઉજવણીથી વંચિત રહે તે જૈન સમાજથી – જૈન જાગૃતિ સેન્ટરથી કેમ સહેવાય? જેજેસી-રાપર દ્વારા શ્રી ભરત પ્રભુલાલ સંઘવીના સહયોગથી શહેરના જુદા જુદા વિસ્તારમાં રહેતા આર્થિક રીતે નબળા ૩૫૦ જેટલા પરિવારના ઘરેઘરે જઈ ૫૦૦ ગ્રામ મીઠાઈ તથા ફરસાણનાં પૅકેટનું વિતરણ કરી એક ઉત્તમ કાર્ય કર્યું. ધન્યવાદ.

## જેજેસી - જામનગર

રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૨ના રોજ સેન્ટર દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપ તથા રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ અન્વયે Ostoporiyasis ચેકઅપ પણ કરવામાં આવ્યા.

## જેજેસી - હિંમતનગર

દિવાળી નિમિત્તે ગામના દરેક સાધર્મિકોને ઘરે મીઠાઈ મોકલાવી મોં મીઠું કરાવ્યું. અચાનક આવેલા ઠંડીના પ્રવાહથી ગરીબ વર્ગ હેરાન થઈ ગયો ત્યારે સેન્ટરના બધા જ કારોબારી સભ્યો ગરમ ધાબળા લઈ નીકળી પડ્યા અને ફૂટપાથ પર ટૂંટિયું વાળીને સૂતેલા માણસોને ધાબળા ઓઢાડી જેજેસીને શોભે તેવું કાર્ય કર્યું. ધન્યવાદ.

## જેજેસી - પાટણ

અભિનંદન... આખરે છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી સેન્ટ્રલ બોર્ડ દ્વારા કરાતી અપીલને ઓપ મળ્યો! જેજસી-પાટણ દ્વારા બીડું ઝડપવામાં આવ્યું! જે રીતે દરેક વર્ષે સેન્ટ્રલ બોર્ડ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે તે જ પ્રમાણે જેજેસી-પાટણે નોર્થ ગુજરાત ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૩૦-૧૨-૨૦૧૨ ને રવિવારના રોજ પાટણના એમ. એન. હાઈ સ્કૂલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર કરવામાં આવેલ છે. મુખ્ય સ્પૉન્સરર 'શુકન મેવાડા' ગ્રુપ તથા રનર્સ સ્પૉન્સર તરીકે મલ્હાર ગ્રુપે લાભ લીધો. સંપૂર્ણ આયોજન સેન્ટ્રલ બોર્ડના આયોજન પ્રમાણે જ કરવામાં આવ્યું છે. બધા જ Rules Regulation તથા Systems સરાહના યોગ્ય છે. આ જ પ્રમાણે અન્ય વિસ્તાર દા. ત. ભાવનગર-ભૂજ જેવા સેન્ટરે આવી ટુર્નામેન્ટનું આયોજન કરીને જેજેસીમાં રમતગમતને પ્રોત્સાહન આપે તેવી સેન્ટ્રલ બોર્ડની આકાંક્ષા ફળે! 'જાગૃતિ સંદેશ' હંમેશાં આવા સમાચાર સમાવવા ઉત્સાહિત છે. અસ્તુ.

## जेजेसी परिवार में एक नया सेन्टर का आगमन

दिनांक १८-११-२०१२, रविवार के दीन राजस्थान में चित्तोडगढ जिल्लेमें आये हुए श्री निम्बाहेडा शहर में जैन जागृति सेन्टर का १५१वा पुष्प नवपल्लवित हुआ। चित्तोड जिल्ले में आया हुआ निम्वाहेडा, चितोड से ३० किमी दूर है और उदयपुर से १०० कि.मी. दूर है। ७०० जैन परिवार ज्यादातर बिझनेस में जुडे हुए है। निम्बाहेडा के पत्थर बहुत प्रख्यात है। यहा सिमेन्ट फैक्टरीया है एवं बडी अनाजमंडी है। चार्टर पाते ही सेन्टरने एक प्रोजेक्ट की घोषणा की। तहसील क्षेत्र में निवास कर रहे समस्त जैन परिवारो के लिये परिचय वितरण की स्मरणिका 'जैनम जयति' का प्रकाशन करने का संकल्प जाहिर किया।

## સમૂહલગ્ન (સંપન્ન)

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત, જેજેસી-સયાજી નગરી દ્વારા આયોજિત પ્રથમ સમૂહલગ્ન રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ ને ભવ્યતાથી સંપન્ન થયાં. કુલ ૧૦ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયાં. અદ્ભુત, સંપૂર્ણ વ્યવસ્થા મઢયા આ પ્રસંગે વડોદરાના શહેરના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ નવદંપતીઓને આશીર્વાદ આપવા તથા જેજેસીના સમાજલક્ષી કાર્યક્રમને અનુમોદના આપવા પધાર્યા હતા. જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તરફથી સર્વશ્રી રમેશ મોરબિયા, દીનેશ નાણાવટી, પ્રફુલ્લ કામદાર હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટના મુખ્ય આધારસ્તંભરૂપ શ્રી દીપકભાઈ જેસિંગભાઈ તથા પૂર્ણિમાબહેન શાહ, શ્રી કેતનભાઈ ભાઈલાલ શાહ, શ્રી સી. એલ. શાહ ચૅરિટેબલ ટ્રસ્ટ, શ્રીમતી પુષ્પાબહેન પ્રવીણચંદ્ર શાહ તથા શ્રીમતી પારુલ રાજેન્દ્રભાઈ શાહ હતાં. જેજેસી-સયાજી નગરીના પ્રમુખ શ્રી દિવ્યાંગ શાહ તથા સમગ્ર કારોબારી કમિટીને હાર્દિક અભિનંદન.

# ૧૮મા સમૂહલગ્ન સમારોહ પ્રસંગે યુવા બેલડીઓને જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી અપાતી ભેટની યાદી

## લગ્ન રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨

**સોના-ચાંદીની વસ્તુ**

| | | |
|---|---|---|
| ૧) | મંગળસૂત્ર | ૧ |
| ૨) | કંકાવટી | ૧ |
| ૩) | નવકારવાળી | ૧ |

**કપડાની આઇટમ**

| | | |
|---|---|---|
| ૧) | ઘરચોળું | ૧ |
| ૨) | પાનેતર | ૧ |
| ૩) | સેલું | ૧ |
| ૪) | સાડી સેટ | ૨ |
| ૫) | નાહવાના જેન્ટસ-લેડીઝ ટુવાલ | ૨ |
| ૬) | જેન્ટસ હાથરૂમાલ | ૬ |
| ૭) | લેડીઝ હાથરૂમાલ | ૬ |
| ૮) | હાથ લૂછવાના નેપકિન | ૨ |
| ૯) | બેડશીટ | ૧ |
| ૧૦) | ગરમ સાલ | ૧ |

**સ્ટીલની આઇટમો**

| | | |
|---|---|---|
| ૧) | મા માટલાની સ્ટીલની કોઠી | ૧ |
| ૨) | મોટી બાલદી (સ્ટીલ) | ૧ |
| ૩) | ડીનર સેટ (૬ થાળી, ૧૨ વાટકી, ૬ ગ્લાસ, ૧૨ ચમચી, ૬ હલવા પ્લેટ) | ૧ |
| ૪) | ટોપ-છીબાં (પાંચનો સેટ) | ૧૦ |
| ૫) | સાકરનો ડબ્બો | ૧ |
| ૬) | ચા-પત્તી માટેનો ડબ્બો | ૧ |
| ૭) | ગોળ માટેનો ડબ્બો | ૧ |
| ૮) | મસાલા માટેનો ડબ્બો (૭ વાટકી) | ૮ |
| ૯) | અથાણા માટેનો ડબ્બો (૪ વાટકી) | ૮ |
| ૧૦) | પાપડ રાખવા માટેનો ડબ્બો | ૧ |
| ૧૧) | થેપલાં માટેનો સ્ટીલનો ડબ્બો | ૧ |
| ૧૨) | તેલ માટેની બરણી | ૧ |
| ૧૩) | (ઘૃત) ઘી માટેની કૂપડી | ૧ |
| ૧૪) | સ્ટીલનો ત્રાંસ | ૧ |
| ૧૫) | લૂવો (લોચો) | ૧ |
| ૧૬) | ખમણી | ૧ |
| ૧૭) | ઝારો (તળવા માટે) | ૧ |
| ૧૮) | સાણસી (પક્કડ) | ૧ |
| ૧૯) | તાવેથો | ૧ |
| ૨૦) | ભાતિયું | ૧ |
| ૨૧) | છાશ જંગવા માટે જેયણી | ૧ |
| ૨૨) | છાશ કાઢવા માટેનો ડોયો | ૧ |
| ૨૩) | દાળ માટેનો ચમચો | ૧ |
| ૨૪) | ચાની ગરણી | ૧ |
| ૨૫) | શાક માટેના ચમચા | ૨ |
| ૨૬) | ચીપિયો | ૧ |
| ૨૭) | પૌંઆ તળવા માટે ઝારો | ૧ |
| ૨૮) | છાશ માટેની લોટી | ૧ |
| ૨૯) | સ્ટીલની બરણી | ૧ |
| ૩૦) | ચમચા પટ્ટી | ૧ |
| ૩૧) | ચમચી રાખવા માટે સ્ટેન્ડ | ૧ |
| ૩૨) | દીવી | |
| ૩૩) | લોટો | |
| ૩૪) | પાણીનો ડોયો | |
| ૩૫) | ચીઝ ખમણી | ૧ |
| ૩૬) | પીલર | ૧ |
| ૩૭) | કોપર બ્રાસની કડાઈ | ૧ |
| ૩૮) | સ્ટીલનું ટિફિન | ૧ |
| ૩૯) | ચકલો (રોટલી વણવા માટે) | ૧ |
| ૪૦) | હરવારો | ૪ |
| ૪૧) | મુખવાસની ડબ્બી-૨ સેટ ૧ | ૨ |
| ૪૨) | માખન છરી | |
| ૪૩) | પાણીનો જગ | ૧ |
| ૪૪) | કેશરોલ | ૧ |
| ૪૫) | વેલણ | ૨ |
| ૪૬) | પાણી માટેનો થરમોસ | ૧ |
| ૪૭) | પ્રેસરકૂકર | ૧ |
| ૪૮) | ઈટલી-ઢોકળાં-હાંડવાનું કૂકર | ૧ |
| ૪૯) | બ્રેડ ટોસ્ટર | ૧ |
| ૫૦) | ઢોસા માટેનો તવો | ૧ |
| ૫૧) | ઈસ્ત્રી | ૧ |
| ૫૨) | ઈલેક્ટ્રોનિક ટોસ્ટર | ૧ |
| ૫૩) | બ્લેન્ડર | ૧ |
| ૫૪) | વૉટર ફિલ્ટર | ૧ |
| ૫૫) | મિક્ષર | ૧ |

**ક્રોકરી-કાચની આઇટમો**

| | | |
|---|---|---|
| ૧) | કાચના ગ્લાસ | ૬ |
| ૨) | ટ્રે સેટ ૧ | ૨ |
| ૩) | કપ-રકાબી | ૬ |
| ૪) | માઈક્રો ટીન સેટ ૧ | ૫ |
| ૫) | સૂપ માટેના બાઉલ | ૬ |
| ૬) | આઈસક્રીમના બાઉલ | ૬ |

**ઘડિયાળ વગેરે આઇટમો**

| | | |
|---|---|---|
| ૧) | વૉલ ક્લૉક | ૧ |
| ૨) | જેન્ટસ ઘડિયાળ | ૧ |
| ૩) | લેડીઝ ઘડિયાળ | ૧ |
| ૪) | સૂટકેસ | ૧ |

**લેડીઝ મેકઅપ માટેની આઇટમો**

| | | |
|---|---|---|
| ૧) | અરીસો | ૧ |
| ૨) | દાંતિયો સેટ (જેન્ટ્સ-લેડીઝ) | ૫ |
| ૩) | મેકઅપ બૉક્સ | ૧ |
| ૪) | પાઉડરનો ડબ્બો | ૧ |
| ૫) | નેઈલ પૉલિશ | ૩ |
| ૬) | લિપસ્ટિક | ૩ |
| ૭) | નેઈલ પૉલિશ રીમૂવર | ૧ |
| ૮) | કાજલ સ્ટિક | ૧ |
| ૯) | ચાંદલાના પૅકેટ | ૩ |
| ૧૦) | પરફ્યુમ બૉટલ | ૧ |
| ૧૦) | બટરફ્લાય | ૭ |

**લગ્ન માટેની સામગ્રી**

| | | |
|---|---|---|
| ૧) | બાજોઠ | ૧ |
| ૨) | સૂપડું | ૧ |
| ૩) | મીંઢોળ | ૧ |
| ૪) | રાગણ દીવડા | ૧ |
| ૫) | વરમાળા | ૨ |
| ૬) | કળશ | ૧ |
| ૭) | માણેક સ્થંભ | ૧ |
| ૮) | સોપારી (શણગારેલી) | ૨ |
| ૯) | પોંખણા | ૨ |
| ૧૦) | મોડિયા | ૪ |
| ૧૧) | મા માટલાના લાડવા | |

૧) કન્યા પક્ષે લગ્નના દિવસે બપોરના ૨.૦૦ વાગે લગ્નના સ્થળે પહોંચી જવું.

૨) મામટના લાડવા લગ્નના દિવસે સ્થળ પર જ આપવામાં આવશે.

૩) **વર પક્ષે લાવવાની સામગ્રી :** ખેસ, ચૂંદડી, મોઢ, લગ્નની પડી, પસનું શ્રીફળ, લીલો સાટીનનો ટુકડો અડધો મીટર, ૧/૨ કિલો મિક્સ મીઠાઈ, વરરાજાને હાર પહેરાવીને લાવવા.

**કન્યા પક્ષે લાવવાની સામગ્રી :** ખેસ, ચૂંદડી, મોઢ, પસનું શ્રીફળ, ગાગર, બેડિયું, મોતીની ઈંઢોણી, કન્યાને હાર પહેરાવીને લાવવી. બન્ને પક્ષે લાવેલ વસ્તુની મહારાજને જાણ કરવી.

૪) કરિયાવર શનિવાર, તા. ૮-૧૨-૨૦૧૨, સવારે ૯.૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળેથી આપવામાં આવશે.

નવીનભાઈ ઠક્કર હૉલ, શ્રદ્ધાનંદ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.

અઢારમા સમૂહલગ્નમાં ભાગ લેનાર ૨૧ બેલડીઓને ૧૫૧ સેન્ટરના ૬૫,૦૦૦ સભ્યો વતી અંતરની શુભેચ્છા.

**લિ.**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટ**

**પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના જય જિનેન્દ્ર**



રમેશ મોરબિયા તથા પ્રફુલ્લ કામદારના હસ્તે
ચાર્ટર સ્વીકારતા શ્રી અશોક નવલખા



નિમ્બાહેડા સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે
એકત્રિત જૈન પરિવારો

## જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ આયોજિત
## આગામી કાર્યક્રમ
## તા. ૧૦-૨-૨૦૧૩ના રોજ મેગા બ્લડ ડોનેશન કૅમ્પ
## જેજેસી પરિવારના બધાં સેન્ટરોમાં

★★★

## તા. ૧-૩-૨૦૧૩ અને તા. ૨-૩-૨૦૧૩ના
## હૈદ્રાબાદ ખાતે જૈન જાગૃતિ સેન્ટરની કૉન્ફરન્સ

# 'જાગૃતિ સંદેશ'ના માનનીય તંત્રી શ્રી રમેશભાઈ સંઘવીના તંત્રીપદ હેઠળ ૧૦૧મો અંક પ્રકાશિત થયો તે પ્રસંગે શ્રી રમેશભાઈને આવકારતા વિવિધ સેન્ટરો અને હોદ્દેદારો તરફથી આવેલ શુભેચ્છા સંદેશાઓ...

માનનીય શ્રી રમેશભાઈ સંઘવી,

'જાગૃતિ સંદેશ' એ એક સશક્ત માધ્યમ છે, જેના દ્વારા જૈન જાગૃતિ સેન્ટરનો કોઈ પણ સભ્ય જૈન જાગૃતિ સેન્ટરનાં ૧૫૧ સેન્ટરો દ્વારા થતાં કાર્યોથી વાકેફ થાય છે. આ મુખપત્ર દ્વારા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટનાં કાર્યોથી પણ માહિતગાર થવાય છે. જૈન જાગૃતિ સેન્ટરનાં ૧૫૧ સેન્ટરોના સભ્યોને કોઈ પણ સેન્ટરનાં સમાજોપયોગી કાર્યોની માહિતી મળે છે. આજે ઘણીબધી જગ્યાએ યુવામેળાઓ, સમૂહલગ્ન, બ્લડ ડોનેશન કૅમ્પો, મેડિકલ કૅમ્પો, સાધર્મિક ભક્તિ, પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ, એકદિવસીય તીર્થયાત્રા, દેશ-પરદેશમાં ટૂરોનું આયોજન વગેરેની સંપૂર્ણ માહિતી મળે છે. સભ્યો આ મુખપત્ર દ્વારા પોતાના વિચારો પણ રજૂ કરી શકે છે. ચૅરમૅન દ્વારા છેલ્લા અંક પછી થયેલાં કાર્યો તેમ જ ભવિષ્યનાં કાર્યોની પણ માહિતી આપવામાં આવે છે. ભારતમાં કે પરદેશમાં આપણા સમાજની કોઈ પણ વ્યક્તિ જે.જે.સી.ની વેબસાઈટ જોઈને પોતાને જરૂરી હોય એ માર્ગદર્શન પણ મેળવી શકે છે.

અંકશાસ્ત્ર, વાનગી, જ્યોતિષશાસ્ત્ર, કાયદાકીય સમજણોના લેખોના સમાવેશથી સમાજને રોજબરોજનાં કાર્યોમાં મદદ પણ મળી રહે છે.

ટૂંકમાં 'જાગૃતિ સંદેશ' એ આપણું પોતાનું મુખપત્ર છે જેના દ્વારા જે.જે.સી.નો પરિવાર એકબીજાથી પરિચિત રહી શકે છે. 'જાગૃતિ સંદેશ' છેલ્લાં ઘણાં વર્ષોથી નિયમિત ચલાવી રહેલા આપણા તંત્રી શ્રી રમેશભાઈ સંઘવીને એમના ૧૦૧મા અંક વખતે ખૂબ ખૂબ અભિનંદન. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો તેમ જ વિવિધ સેન્ટરોના સહયોગથી ૧૯૮૬થી છપાતું આપણું મુખપત્ર શ્રી રમેશ સંઘવીના તંત્રીપદે વધુ ને વધુ ઊંચાં શિખરો સર કરે એવી શુભેચ્છા અને ભૂતપૂર્વ તંત્રીઓ શ્રી પ્રદ્યુતભાઈ શાહ, શ્રી કિરણભાઈ શાહ, શ્રી ગુણવંતભાઈ બરવાળિયા, શ્રી જયેન્દ્રભાઈ શાહ વગેરેનો આ તબક્કે આભાર વ્યક્ત કરીએ છીએ.

**— સંજય બી. શાહ**
**વાઈસ ચૅરમૅન-જેજેસી-સેન્ટ્રલ બોર્ડ**
**સેક્રેટરી-જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

★★★★★

શ્રી રમેશભાઈ સંઘવી,

અભિનંદન... અભિનંદન... અભિનંદન... જાગૃતિ સંદેશનો ૧૦૧મો અંક પ્રકાશિત કરવા બદલ. દરેક સંસ્થા માટે તેનું મુખપત્ર અતિમહત્ત્વનું હોય છે. ભારતભરમાં દર મહિને ૧૬,૦૦૦ કૉપી પ્રકાશિત થનાર એકમાત્ર જાગૃતિ સંદેશ છે. તેના તંત્રીપદે સતત આઠ વર્ષથી પણ વધારે કાર્ય કરીને આપના તંત્રીપદ હેઠળ ૧૦૧મો અંક પ્રકાશિત કરનારને પોતાના પુત્રનાં લગ્ન કરાવતા હોય તેટલો આનંદ થાય તે સ્વાભાવિક છે. આ કાર્ય કરવા માટે તેમનાં પરિવારનો પણ આભાર માનવો જ રહ્યો. સંસ્થાના ચોક્કસ ફ્રેમવર્કમાં રહીને સંસ્થાની માનમર્યાદા જાળવી જૈન ધર્મના ગુણધર્મને સાચવીને આ કાર્ય કરવાનું હોય છે. દરેક સેન્ટરને સરખું પ્રાધાન્ય મળે તે અતિઆવશ્યક હોય છે. આ કાર્ય કરવા માટે ચોક્કસ સમય ફાળવવો જ પડે છે.

વર્ષ ૧૯૮૫માં 'જાગૃતિ સંદેશ'નો પ્રથમ અંક જેજેસી-સાયન-માટુંગાના સેક્રેટરી શ્રી પ્રદ્યુતભાઈ શાહના તંત્રીપદ હેઠળ પ્રકાશિત થયેલ હતો. ત્યાર બાદ ઘાટકોપરના શ્રી રમણીકભાઈ દેસાઈએ પણ તંત્રીપદ હેઠળ સારું કાર્ય કરેલ હતો. પછી આઈ. પી. ચૅરમૅન શ્રી જયંતભાઈ શાહની ઘણી મહેનત સાથે જાગૃતિ સંદેશ અલગ અલગ ફેરફાર સાથે પ્રકાશિત થતું રહ્યું. તેમના પછી ઘાટકોપરના શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ પણ આ કાર્ય માટે ઘણી જ મહેનત કરેલ હતી. આ કાર્યમાં સાયન-માટુંગાના સેક્રેટરી શ્રી જયેન્દ્રભાઈ શાહની પણ તંત્રીપદ માટે ઘણી જ સરાહના થયેલ હતી.

શ્રી રમેશભાઈ સંઘવીના તંત્રીપદ હેઠળ નિયુક્ત થયા પછી વર્ષ ૨૦૦૩માં જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડના દરેક હોદ્દેદારોના સહકારથી જાગૃતિ સંદેશની કાયાપલટમાં તેમનો અતિમહત્ત્વનો ભાગ રહેલ છે.

જાગૃતિ સંદેશ પહેલા છ મહિને, પછી ત્રણ મહિને અને પછી દર મહિને પ્રકાશિત કરવામાં આવે છે. જાગૃતિ સંદેશમાં સંકલન કરવાનું કાર્ય જે કુનેહથી તેઓએ સંભાળેલ છે તે હકીકતમાં બિરદાવવાને લાયક છે.

જાગૃતિ સંદેશને આ શિખર સુધી પહોંચાડવા માટે તેઓના

પુરુષાર્થ અને પરિવારની ઉપયોગીતા સિવાય આ શક્ય જ નથી. જાગૃતિ સંદેશના ૧૦૦ અંક પ્રકાશિત થઈ ચૂક્યા છે. ૧૦૧મા અંક માટે જેઓએ સાડા આઠ વર્ષથી પણ વધારે સતત મહેનત કરી છે, તેઓના આ કાર્ય માટે જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે. કોઈ પણ પ્રકારના વળતરની અપેક્ષા વગર અવિરતપણે કાર્ય કરતા રહેવાની મજા જ કંઈ ઑર છે. જે કાર્ય કરવાથી આપણું મન આનંદિત અને કંઈક સમાજ માટે કર્યું તેવો ઓડકાર આવે ત્યારે જ આપણને કાર્યની ખરી કિંમત સમજાય છે. કાર્ય માટે સલાહ આપવી અને કાર્ય કરીને તેના પરિણામ સાથે ઊભા રહેવું તે જીવનની સૌથી ઉચ્ચ પ્રકારની આવડત છે, જે દરેક મનુષ્ય પાસે હોય છે, પણ તેને તે બહાર લાવી શકતો નથી.

જેજેસી પરિવારનાં ૧૫૧ સેન્ટરના ૬૪,૦૦૦ સભ્યો વતી હાર્દિક શુભેચ્છા અને અવિરતપણે આ કાર્ય કરતા જ રહો તેવી પ્રભુ પરમાત્માને પ્રાર્થના...

**— પ્રફુલ્લ કામદાર**
**સેક્રેટરી જનરલ-જેજેસી-સેન્ટ્રલ બોર્ડ**
**જોઈન્ટ સેક્રેટરી-જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

★★★★★

**સ્નેહી શ્રી રમેશભાઈ સંઘવી,**

આપશ્રી જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ દ્વારા સંચાલિત જાગૃતિ સંદેશનો ૧૦૧મો પ્રસિદ્ધ કરી રહ્યા છો તે બદલ આપશ્રીને મારા તરફથી હાર્દિક અભિનંદન. આપશ્રી જે રીતે જાગૃતિ સંદેશના તંત્રી તરીકે માનદ્ સેવા આપો છો તે ખૂબ જ પ્રશંસનીય છે. આપણા જાગૃતિ સંદેશમાં પહેલેથી જ સુંદર, ઉચ્ચ કક્ષાનું લખાણ આવે છે, તેમાં આપશ્રીએ નિષ્ઠાપૂર્વક જાગૃતિ સંદેશને વધુ ઉચ્ચ કક્ષાએ પહોંચાડવાનો જશ લીધો છે.

આપશ્રી માહિતીસભર લેખોથી સમાજને એક નવલા નજરાણાની ભેટ આપો છો તે ખરેખર દ્દષ્ટાંતરૂપ છે. આપના કાર્યની અનુમોદના કરું છું.

આપશ્રી વર્ષો સુધી જાગૃતિ સંદેશના તંત્રી તરીકે સેવા આપી શકો તે અભ્યર્થના તથા પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

***— જયંત માધવલાલ શાહ***
***ભૂતપૂર્વ ચૅરમૅન-જેજેસી-સેન્ટ્રલ બોર્ડ***
***ફાઉન્ડર પ્રેસિડન્ટ-જેજેસી-સાયન માટુંગા***

★★★★★

**શ્રી ધર્માનુરાગી એવા માનનીય શ્રી રમેશભાઈ એમ. સંઘવી, તંત્રી શ્રી જાગૃતિ સંદેશ તેમ જ જેજેસી-સેન્ટ્રલ બોર્ડના માનનીય ચૅરમૅન શ્રી રમેશભાઈ જે. મોરબિયા,**

આપના આજના મંગલમય મહત્ત્વના શુભ પ્રસંગના અવસરે 'સંભારણાનું સ્મરણ' કરવામાં આપે અમને આમંત્રણ આપી સાથે રાખ્યા તે બદલ આપનો અને જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડનો ખૂબ ખૂબ આભાર સાથે આપને અમારા ખોબલે-ખોબલે અભિનંદન.

'તો હમ આપ કે હૈ કૌન? હમસાથી...'

સમય કેટલો ઝડપથી વીતી જાય છે. જોતજોતામાં તો જાગૃતિ સંદેશના તંત્રી તરીકે આપે આજે ૧૦૧મો અંક બહાર પાડીને નિષ્ઠાપૂર્વકનું અને ખૂબ જ ઉત્તમ કાર્ય કરેલ છે. સાથે આવતા વર્ષ માટે કંઈક નવા વિચારો અને સંકલ્પો સાથે હાજર થયા છો.

'આજ ફીર જીને કી તમન્ના હૈ,
આઝ ફીર કુછ નયા કરને કા ઈરાદા હૈ...'

કશી પણ અપેક્ષા વગર, જાગૃતિ સંદેશના કાર્ય સાથેસાથે સમાજસેવાનાં, શૈક્ષણિક કામોમાં, ધાર્મિક સંઘના વગેરે દરેક કાર્યો આપ કરતા રહ્યા છો જે અમે જોયા છે, જાણ્યા છે. સહુને સાથે રાખી કાર્યો કર્યાં છે, કરાવ્યાં છે જેથી કરીને ન ભુલાય તેવી ઊંડી છાપ આપે સમાજમાં પાડી છે. એ એક મોટો સદ્‌ગુણ તમારામાં જોયો છે. અમારા સહુની પ્રભુ પાસે પ્રાર્થના છે, આપને તથા આપના પરિવારને દીર્ઘકાળ પર્યંત સુખ-સમૃદ્ધિ અને તંદુરસ્તીભર્યું જીવન પ્રાપ્ત થાય, આપની સેવાનો લાભ જાગૃતિ સંદેશ તથા સમાજને મળતો રહે, બસ એ જ અભ્યર્થના...

***— પ્રાણલાલ ડી. મહેતા***
***જેજેસી-અમૃતનગર***

★★★★★

**ચૅરમૅનશ્રી તથા કારોબારી સભ્યશ્રી,**
**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ-મુંબઈ**

આપને અમારા સેન્ટર વતી દીપાવલી શુભકામનાઓ તથા નૂતન વર્ષાભિનંદન.

આપણા સેન્ટરનાં દરેક સભ્ય દંપતીને દરેક સેન્ટરની દરેક માહિતી સુંદર રીતે પહોંચતી કરવા માટે આપણું મુખપત્ર 'જાગૃતિ સંદેશ' ખૂબ જ અસરકારક માધ્યમ છે.

આ માધ્યમને છેલ્લા ૧૦૦ મહિનાથી અવિરતપણે ૧૦૦ અંક પૂર્ણ કરીને ૧૦૧મો અંક તારીખ ૨૪-૧૧-૨૦૧૨ના રોજ તંત્રી શ્રી રમેશભાઈ સંઘવીના તંત્રીસ્થાનેથી પ્રકાશિત કરવામાં આવ્યો. આવા તંત્રી શ્રી રમેશભાઈ સંઘવીને જૈન જાગૃતિ સેન્ટર-વઢવાણ સિટી વતી ખૂબ ખૂબ અભિનંદન...

આવો સાથ અને સહકાર ભવિષ્યમાં જૈન જાગૃતિ સેન્ટરને શ્રી રમેશભાઈ સંઘવીના તંત્રીસ્થાનેથી મળતો રહેશે તેવી શુભેચ્છા સહ...

*— પરેશભાઈ એ. શાહ તથા કારોબારી સભ્ય*
*જેજેસી-વઢવાણ સિટી*

★★★★★

Dear Rameshbhai Sanghavi,

On behalf of Jain Jagruti Centre-Vapi, we heartly congrate you and we appreciate you for completing 100 edition of Jagruti Sandesh and presenting 101 edition.

We are very much thankful to you.

Thanks.

*— SANJEEV MADIA*
**JJC-VAPI**

★★★★★

શ્રી જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ,
ચૅરમૅન માનનીય શ્રી રમેશભાઈ મોરબિયા,
જય જિનેન્દ્ર,

માન. તંત્રી શ્રી રમેશભાઈ સંઘવી દ્વારા જાગૃતિ સંદેશના ૧૦૧મા અંકના પ્રકાશન પ્રસંગે અભિનંદન... શુભેચ્છા...

પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતી આપણી સંસ્થા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ દ્વારા દર મહિને નિયમિત જાગૃતિ સંદેશ સામયિક યશસ્વીપણે પ્રકાશિત થઈ રહ્યું છે.

જ્યારથી માનનીય શ્રી રમેશભાઈ સંઘવીએ જાગૃતિ સંદેશના તંત્રીશ્રી તરીકે જવાબદારી સંભાળી છે ત્યારથી સેન્ટ્રલ બોર્ડના અહેવાલની સાથોસાથ એજ્યુકેશન ફંડ ઝુંબેશ તથા દેશ-વિદેશના આપણાં ૧૪૫ ઉપરાંત સેન્ટરની અનેકવિધ પ્રવૃત્તિઓના અહેવાલોની માર્ગદર્શનરૂપ માહિતીઓ સાથે ધાર્મિક, સામાજિક, રાજકીય, તબીબી, વેવિશાળ વિષયક માહિતી અને ચિંતનપૂર્ણ લેખો જેવી અનેકવિધ નિતનવી વિવિધતા સાથે સુંદર-સુઘડ આકર્ષક અને નયનરમ્ય મુખપૃષ્ઠ તથા તસવીરો સાથે સળંગ ૧૦૦ અંક પ્રકાશિત થયા બાદ આગામી તા. ૨૪-૧૧-૨૦૧૨ના રોજ ૧૦૧મો અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે તે પ્રસંગે માન. તંત્રી શ્રી રમેશભાઈ સંઘવી તથા તેમની ટીમને અને જેજેસી-સેન્ટ્રલ બોર્ડને જેજેસી-ભાવનગરના સર્વે મેમ્બરો વતી અભિનંદન પાઠવીએ છીએ. સાથોસાથ જાગૃતિ સંદેશ હજુ વધુ ને વધુ યશસ્વીપૂર્ણ સફળતાનાં શિખરો સર કરે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવતા હર્ષ અનુવીએ છીએ.

*— જેજેસી-ભાવનગર*

★★★★★

Dear Rameshbhai Sanghavi,

I was happy happy to note that our Centre will be releasing the 101st Edition of Jagruti Sandesh under the Dynamic Leadership of Shri Rameshbhai Sanghvi on 24th November 2012.

We have always looked forward to receive the monthly newsletter of our Centre to know the happenings and activities as it is the link to all centres as well as to read the informative articles published in it.

On behalf of the Coimbatore Centre I wish to congratulate Shri Rameshbhai Sanghvi on the gHerculean task he has taken on his shoulders to provide all of us with a sense of belonging to the world of Jain Jagruti.

We at Jain Jagruti Centre Coimbatore would like to wish him all the best in the future to bring to us many many editions of Jagruti Sandesh.

*— SURENDRA SHAH-PRESIDENT*
**JJC-COIMBATORE**

★★★★★

**श्री रमेशभाई मोरबीया**

कोल्हापुर जैन जागृति सेन्टर के कमिटी मेम्बर्स का जय जिनेन्द्र !

ता. २४-११-२०१२ के दिन जैन जागृति सेन्टर-सेन्ट्रल बोर्ड की तरफ से जागृति संदेश १०१ का प्रकाशन होने जा रहा है। उस कार्यक्रम के लिए हार्दिक अभिनंदन करते है। जागृति संदेश के तंत्री **श्री रमेशभाई संघवी** अपना बहुमूल्य समय इसी पत्रिका के प्रकाशन के लिए तन मन धन से समर्पित कर रहे हैं। **श्री रमेशभाई संघवी** बहोत अच्छे साहित्य के जानकार है। उन्होंने जागृति संदेश द्वारा अच्छे साहित्य, प्रवास वर्णन, धार्मिक लेखन द्वारा सभासदो में बहोत प्रिय बन गये है। उनको हमारे ग्रुप की तरफ से बहोत बहोत बधाई।

विशेष टाइम पर सभी सभासदो को जागृति संदेश जल्द से जल्द कैसे मिले इसका खास ध्यान रखते है। इसी बात के लिए उन्हे खास अभिनंदन करना चाहिए।

ऐसा ही उत्तम कार्य उनके हाथों से होते रहे, उनकी कारकीर्दी आगे बढती रहे यही शुभकामना!

*– जैन जागृति सेन्टर-कोल्हापुर*

# કરિયાવર

## આ મૅસેજ... દરેક દીકરી તથા તેના પિતાની આંખોમાં પાણી લાવશે



હરખભેર હરીશભાઈએ ઘરમાં પ્રવેશ કર્યો!

'સાંભળ્યું?' અવાજ સાંભળી હરીશભાઈનાં પત્ની નયનાબહેન હાથમાં પાણીનો ગ્લાસ લઈને બહાર આવ્યાં.

'આપણી સોનલનું માગું આવ્યું છે, ખાધેપીધે સુખી ઘર છે. છોકરાનું નામ દીપક છે અને બૅંકમાં નોકરી કરે છે. સોનલ હા કહે એટલે સગાઈ કરી દઈએ.'

સોનલ એમની એકની એક દીકરી હતી. ઘરમાં કાયમ આનંદનું વાતાવરણ રહેતું. હા, ક્યારેક હરીશભાઈનાં સિગારેટ અને પાન-મસાલાનાં વ્યસનને લઈને નયનાબહેન અને સોનલ બોલતાં, પણ હરીશભાઈ ક્યારેક ગુસ્સામાં અને ક્યારેક મજાકમાં આ વાતને ટાળી દેતા.

સોનલ ખૂબ સમજદાર અને સંસ્કારી હતી. એસ.એસ.સી. પાસ કરીને ટ્યુશન, ભરતકામ કરીને પપ્પાને મદદરૂપ થવાની કોશિશ કરતી. હવે તો સોનલ ગ્રૅજ્યુએટ થઈ ગઈ હતી અને નોકરી કરતી હતી, પણ હરીશભાઈ એની આવકનો એક રૂપિયો લેતા નહિ અને કાયમ કહેતા, 'બેટા આ તારી પાસ રાખ, તારે ભવિષ્યમાં કામ લાગશે.'

બંને ઘરની સહમતીથી સોનલ અને દીપકની સગાઈ કરી દેવાઈ અને લગ્નનું મુહૂર્ત પણ જોવડાવી દીધું. લગ્નને આડે હવે પંદર દિવસ બાકી હતા.

હરીશભાઈએ સોનલને પાસે બેસાડીને કહ્યું, 'બેટા, તારા સસરા સાથે મારી વાત થઈ, એમણે કરિયાવરમાં કંઈ જ લેવાની ના કહી છે, ના રોકડ, ના દાગીના અને ના કોઈ ઘરવખરી. તો બેટા તારાં લગ્ન માટે મેં થોડી બચત કરીને રાખી છે એ બે લાખ રૂપિયાનો ચેક હું તને આપું છું, તારે ભવિષ્યમાં કામ લાગશે, તું તારા એકાઉન્ટમાં જમા કરાવી દેજે.'

'ભલે પપ્પા,' સોનલ ટૂંકો જવાબ આપીને પોતાના રૂમમાં જતી રહી.

સમયને જતા ક્યાં વાર લાગે છે? શુભ દિવસે આંગણે જાન આવી, સર્વેનાં હરખનો પાર નથી. ગોરબાપાએ ચોરીમાં લગ્નની વિધિ શરૂ કરી ફેરા ફરવાની ઘડી આવી. કોયલનો જેમ ટહુકો થાય એમ સોનલનાં હૈયાથી બે શબ્દો નીકળ્યા,

'ઊભા રહો ગોરબાપા, મારે તમારા બધાની હાજરીમાં મારા પપ્પાની સાથે થોડી વાત કરવી છે.' 'પપ્પા, તમે મને લાડકોડથી મોટી કરી, ભણાવી, ગણાવી, ખૂબ પ્રેમ આપ્યો એનું ઋણ તો હું ચૂકવી નહિ શકું, પરંતુ દીપક અને મારા સસરાના સહમતથી તમે આપેલો બે લાખ રૂપિયાનો ચેક તમને હું પાછો આપું છું. એનાથી મારાં લગ્ન માટે કરેલું ભારણ ઉતારી દેજો અને આ ત્રણ લાખનો બીજો ચેક જે મેં મારા પગારમાંથી કરેલી બચત છે, જે તમે નિવૃત્ત થશો ત્યારે તમને કામ લાગશે. હું નથી ઈચ્છતી કે ઘડપણમાં તમારે કોઈની પાસે હાથ લંબાવવો પડે. જો હું તમારો દીકરો હોત તો આટલું તો કરત જ ને!

હાજર રહેલા બધાની નજર સોનલ પર હતી. 'પપ્પા, હવે હું તમારી પાસે કરિયાવરમાં જે માગું એ આપશો?'

હરીશભાઈ ભારે અવાજમાં માત્ર 'હા બેટા.' એટલું જ બોલી શક્યા. 'તો, પપ્પા, મને વચન આપો કે આજ પછી તમે સિગારેટને હાથ નહિ લગાવો, તમાકુ, પાન, મસાલાનું વ્યસન આજથી છોડી દેશો. બધાની હાજરીમાં હું કરિયાવરમાં બસ આટલું જ માગું છું.'

દીકરીનો બાપ ના કેવી રીતે કહી શકે. લગ્નમાં દીકરીની વિદાય વખતે કન્યા પક્ષનાં સગાંને તો રડતાં જોયાં હશે, પણ આજે તો જાનૈયાની આંખો પણ ભીંજાઈ ગઈ.

દૂરથી હું સોનલના આ લક્ષ્મી સ્વરૂપને જોતો જ રહ્યો. ૨૦૧ રૂપિયાનું કવર મારા ખિસ્સામાંથી બહાર કાઢી શક્યો નહિ. સાક્ષાત્ લક્ષ્મીને હું શું લક્ષ્મી આપું!

પણ, એક સવાલ મારા મનમાં જરૂર થયો, 'ભ્રૂણહત્યા કરતા સમાજના સંસ્કારી લોકોને સોનલ જેવી લક્ષ્મીની જરૂર નહિ હોય?'

**દિવ્યાંગ શાહ**
**(જેજેસી-સયાજી નગરી)**

# સાંપ્રત સમસ્યા

વિચારબીજ : જિતેન્દ્ર કોઠારી (IP Chairman) ★ શબ્દદેહ : આર્મેશકુમાર જૈન

મનુષ્યના ઉત્ક્રાંતિકાળથી બે પેઢી વચ્ચેનું અંતર (વિચાર, આચારભેદ) સનાતન રહ્યું છે. Generation Gap માણસજાતની પ્રગતિ માટે અનિવાર્ય છે, પણ અત્યારે પ્રવર્તમાન જે પરિસ્થિતિ છે તે ક્યારેય હોવાનું નોંધાયું નથી.

મનુષ્ય બાલ્યાવસ્થામાં હોય ત્યારે તે બાહ્ય પરિસ્થિતિ (Enviroment)થી ઘણુંબધું ગ્રહણ કરે છે. યુવાવસ્થામાં મહદ્અંશે જીવનશૈલી અને વૈચારિક ફિલોસોફી તેના જીવનમાં આરૂઢ થઈ જાય છે. ત્યાર પછીની જિંદગી તે આરૂઢ થઈ ગયેલી શૈલી પ્રમાણે જ જીવવા પ્રયત્ન કરે છે. તે જ્યારે પ્રૌઢાવસ્થા પાર કરી વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે માનવીને તેનાં સંતાનોના સહારાની જરૂર પડે છે. સમયની ગતિ અવિરતપણે ચાલ્યા જ કરે છે. આ ગતિ સાથે તાલ મિલાવીને ચાલવું જ પડે, પણ સરેરાશ માનવી તેની યુવાવસ્થામાં આરૂઢ થયેલી શૈલીથી બહાર નીકળી શકતો નથી. ત્યારે તેની Next પેઢી સાથે તે ઘર્ષણમાં આવે છે ને વિચારભેદ ઉદ્ભવે છે. આ સનાતન પરંપરા છે. જો માનવી સમય સાથે તાલમેલ કરી થોડા Marginal ફેરફાર કરે તો તે વૃદ્ધાવસ્થાનો તબક્કો શાંતિથી જીવી શકે છે. એવું નિરીક્ષણ છે કે વર્તમાન પેઢીના યુવાનો Bold અને Honest બની રહ્યા છે. તેમને દેખાડો કે દંભ ગમતા નથી. તેઓ જિંદગી જીવવાની મહેચ્છા ધરાવે છે. વડીલો એમ કહે છે કે આજની પેઢી સ્વચ્છંદી, અવિવેકી, નાસ્તિક અને ખંડનાત્મક બનતી જાય છે, જ્યારે યુવાનો કહે છે કે વડીલો દંભી, છળકપટમાં રાચતા, અસંખ્ય Complexes ધરાવતા હોય છે. જો વડીલો થોડું સમાધાન કરે તો વૃદ્ધાવસ્થાનાં સુખ-શાંતિ તેના આંગણે હાજર છે. જ્યાં વડીલો ઉદારમતવાદી બન્યા છે ત્યાં ઘરની શાંતિ અને પ્રગતિ યથાવત્ છે. સમયનો તકાદો છે કે વડીલોએ મમત્વ છોડી, જડતાને દૂર કરી સુધરવું જ પડશે. યુવા વર્ગના માનસનો અભ્યાસ કરી તારતમ્ય નીકળ્યું છે કે આજનો કે આવતી કાલનો યુવા વર્ગ કોઈને ગાંઠશે નહીં, સંજોગોને પણ નહીં કે સમયને પણ નહીં. માટે જો વડીલો ઉદાર થશે તો જ તમે કહી શકશો ઘડપણ ભલે આવ્યું, અમે તૈયાર છીએ!'

બીજી એક વાત — જૈન યુવામેળાના આયોજનમાં ભાગ લેનારા યુવાનોનાં માનસનું નિરીક્ષણ કર્યા બાદ એવા નિષ્કર્ષ પર આવવું પડે છે કે જૈન સમાજને લાલ બત્તી ધરવાનો સમય આવી ગયો છે.

જૈન યુવા વર્ગમાં હાલમાં 'હાયર એજ્યુકેશન'ના વાયરા વાઈ રહ્યા છે. યુવાનો વધુ ને વધુ ભણવાના મનોરથ સેવે છે. જેજેસીએ તેમની મહેચ્છા પાર પાડવા કમર કસી છે. Interim Result સારું, સંતોષજનક આવી રહ્યું છે. યુવાનો ભણગણીને સેટલ થઈ રહ્યા છે, પણ આની દૂરગામી અસર બહુ જ નિરાશાજનક છે.

જૈન યુવાનો ભણીગણીને સારી સર્વિસ (નોકરી) ઇચ્છે છે. તેઓ ચિંતામુક્ત શાંતિવાળી જિંદગીની અપેક્ષા રાખે છે. Fixed Income અને Fixed Expensesની Frameમાં જીવન ગોઠવવા માગે છે.

તેમને Risk કે Responsibility લેવી નથી. નોકરીમાં આગળ વધવું છે.

યુવા વર્ગનાં આ નવતર માનસનાં એંધાણ સારાં નથી. હજારો વર્ષોથી આપણે જૈનો નાના-મોટા ધંધામાં જ જોડાયેલા છીએ અને ધંધા મારફત જ આંખે ચડી જવાય તેવી સમૃદ્ધિ આપણા આંગણે ઉપલબ્ધ કરી છે (General Statement). ૩૦/૩૫ વર્ષ પહેલાંના આપણા માનસનું ચિત્ર રજૂ કરવાની તક ઝડપી લઉં છું.

૩૫/૪૦ વર્ષ પહેલાંની વાત છે. એક વડીલ તેમની દીકરી માટે યોગ્ય મુરતિયાની તલાશમાં નીકળ્યા. Scrutiny કરતાં છેલ્લે બે મુરતિયા ઍજન્ડા પર રહ્યા. એક છોકરો સારું ભણી (એ સમયમાં એન્જિનિયર) મહિને રૂા. ૨,૦૦૦/- કમાતો સુખી કહેવાતો. બીજો છોકરો બજારમાં દલાલી કરી મહિને રૂા. ૮૦૦/૧૦૦૦ કમાતો સેટલ થવા હવાતિયા મારતો, પણ આગળ જતા સ્વતંત્ર ધંધો કરવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતો હતો. વડીલે બીજા નંબરના છોકરા પર પસંદગી ઉતારી. તેમની દીકરીને શરૂઆતમાં કસોટીવાળી, આર્થિક સંકડામણવાળી જિંદગી જીવવી પડી, પણ આજે ૩૦/૩૫ વર્ષ બાદ એ સમૃદ્ધિમાં આળોટે છે. તેની પાસે બધું જ ભૌતિક સુખ ઉપલબ્ધ છે. સંસ્કાર સારા હતા એટલે સમાજ માટે પણ કાંઈક કરી છૂટે છે. જ્યારે પેલો ભણેલો યુવાન આગળ વધતા આજ ૩૦/૪૦ હજારના પગારે પહોંચી Retire થવાની તૈયારી કરી રહ્યો છે.

આવા હતા આપણા માપદંડ. આજે કેમ આમાં ધરખમ ફેરફાર આવ્યા છે ?

જૈન તો ધંધો કરવા માટે જ સર્જાયા છે. ખૂબ ભણીને તો 'દળી દળીને ઢાંકણી'માં ખેલ થઈ રહ્યો છે. ખૂબ ભણવાની ઊંધી અસર દેખાઈ રહી છે. બાલમુકુંદે દવેએ લખ્યું છે તેમ...

'આગળ મ્હોર્યા મોગરા ને પછવાડે ગલગોટ
સવળા વાતા વાયરા એની અવળી વાગે ચોટ.'

આ રીતે ભણતરની અવળી ચોટ વાગશે તો જૈન સમાજ માટે દૂર દૂર ક્ષિતિજમાં કાળાં વાદળાં ઘેરાઈ રહ્યાં છે. સાવચેત થઈ જવાની જરૂર છે, નહીંતર ભવિષ્યની વાત છે. ઊખડી જઈશું.

નોકરી કરવાનું માનસ જૈન સમાજ માટે ઘાતક પુરવાર થશે. ધંધો એ જૈન સમાજની મોનોપોલી છે. તેના થકી જ પ્રગતિ થાય છે, સમૃદ્ધિ આવે છે, તેની પાછળ શાંતિ આવે છે, આધ્યાત્મિકતા આવે છે, ઉત્ક્રાંતિ થાય છે.

વડીલોની ફરજ છે નાનપણથી તેમનાં બાળકોમાં ધંધો કરવાની મહત્ત્વાકાંક્ષા Implant કરે. અસ્તુ...

---

# અચેત પાણીની ઓળખ

■ છાયા પ્રવર કોટેચા

સચેત (કાચા) પાણીમાં યોગ્ય પ્રમાણમાં શસ્ત્ર ભેળવવાથી પાણી જીવરહિત થાય છે. તેને અચેત પાણી કહે છે. જેમાં જીવ હોય તેને સચેત કહે છે. તમને બધાને થશે કે શસ્ત્ર એટલે શું? તો જેને ભેળવવાથી અથવા તો જેનાથી પાણી અચેત થઈ શકે છે તે ૨૧ પ્રકારના છે. આચારાંગ સૂત્ર બીજો શ્રુતસ્કંધ અધ્યયન-૧, ઉદ્દેશો ૭/૮માં તેનાં નામ આપેલ છે. જેમ કે (૧) કેરીનું ધોવાણ (૨) અંબાણનું ધોવાણ (૩) કોઠીંબડાનું ધોવાણ (૪) બીજોરાનું ધોવાણ (૫) દ્રાક્ષનું ધોવાણ (૬) દાડમનું ધોવાણ (૭) ખારેકનું ધોવાણ (૮) નારિયેળનું ધોવાણ (૯) કેરનું ધોવાણ (૧૦) બોરનું ધોવાણ (૧૧) આમળાનું ધોવાણ (૧૨) આંબલીનું ધોવાણ (૧૩) લોટનું ધોવાણ (૧૪) તલનું ધોવણ (૧૫) ચોખાનું ધોવાણ (૧૬) જવનું ધોવાણ (૧૭) ઓસામણનું પાણી (૧૮) છાશની પરાસ (૧૯) ગરમ પાણી (૨૦) શાક વગેરે ગરમ પદાર્થોને સાફ કર્યા હોય, ઠંડાં કર્યા હોય તેનું ધોવાણ (૨૧) ઘાસનું ધોવાણ.

આવાં શસ્ત્રોથી અચેત કરેલું પાણી જ આપણે પીવામાં વાપરવું જોઈએ. તપમાં પણ અચેત પાણી વાપરવું જોઈએ. આપણને અચેત પાણી પીવાનો લાભ મળે તે માટે આપણે અચેત પાણી પીવું તેમ જ વાપરવું. તે માટે પીવાનું પાણી ઘરમાં ગરમ કરવું અથવા સવારનાં વાસણોને રાખથી ધોવાં અને તેનું પાણી વાસણમાં/બાલદીમાં ભેગું કરીને રાખવું તેમ જ અન્ય નિર્દોષ/અચેત પાણી બનાવવા માટે નીચે પ્રમાણે ધ્યાન આપવું.

૧) ઉપર બતાવેલ અનેક પદાર્થના ધોવાણપાણી જે જે પદાર્થથી બને છે તે પદાર્થપાણીનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ જાય ત્યાં સુધી પાણીમાં રાખવા. જેમ કે લવિંગ વગેરે.

૨) સવારે પાણિયારાના ગ્લાસ, લોટા તથા ચા-પાણીનાં વાસણો રાખથી ધોવાં. જેથી જીવહિંસા ઓછી થાય.

૩) જેટલા પ્રમાણમાં વાસણો હોય તે પ્રમાણે માપસર પાણી તથા રાખ લેવાં.

૪) વાસણ ધોયેલાં પાણીનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ ગયાં હોય તો પાણીને અચેત સમજવું. આવું અચેત પાણી જેમ છે તેમ વાસણમાં/બાલદીમાં રાખ સહિત સાચવી રાખવું. પોતાને વાપરવા માટેનું પાણી ગાળીને અલગ કાઢી લેવું.

૫) અચેત પાણી અલગ અલગ ઋતુ પ્રમાણે વધારે કે ઓછો સમય અચેત રહે છે. તેની જાણકારી રાખી પોતે અચેત પાણી વાપરવું. અચેત પાણી પીવાથી ઘણા લાભ થાય છે, જેમકે ગરમ પાણી પીવાથી કફ વગેરે રોગો મટી જાય છે, જેવાંતેવાં પાણી પીવાથી થતા રોગોથી બચી શકાય છે. અચેત પાણી પીનારને લાખો કૂવા, નદી, તળાવ અને વિશાળ સમુદ્રોનાં પાણીની હિંસાનો આશ્રવ આવતો નથી. સંતોને અચેત પાણી વહોરાવવાનો લાભ મળે છે. તપસ્વીઓને પાણી પીવડાવી શાતા પમાડવાનો લાભ મળે છે. તીર્થંકર નામકર્મ પણ બાંધી શકાય છે. રસનેન્દ્રિય જીતવાનો અને તપનો લાભ મળે. પાણીમાં ઉત્પન્ન થતા અસંખ્ય અપકાયના, પાણીમાં રહેલા અનંત વનસ્પતિના અને પાણીમાં રહેલા અન્ય અસંખ્યાતા ત્રસ જીવો સાથે વેર ન બંધાય. ગરમ પાણી આદિ અચેત પાણીનો કાળ શિયાળામાં એટલે કે કારતક સુદ પૂનમથી ૪ પ્રહર સુધી ચાલે. ઉનાળામાં એટલે કે ફાગણ સુદ પૂનમથી ૫ પ્રહર સુધી ચાલે અને ચોમાસામાં એટલે કે અષાઢ સુદ પૂનમથી ૩ પ્રહર સુધી ચાલે. પ્રહર એટલે દિવસનો ચોથો ભાગ એટલે કે લગભગ ૩ કલાક.

મારી દૃષ્ટિએ જ્ઞાન એ આત્માનું ભોજન છે. જ્ઞાનથી આત્મા તેજસ્વી બને છે. કર્મનિર્જરા કરવાનો રસ્તો શોધી શકે છે અને આત્માને પાપથી બચાવી શકે છે.

(પ્રાપ્ત માહિતી અનુસાર તમે જો રાતના ટ્રેનમાં બેઠા અને સવારના નવકારશી પાળીને અચેત પાણી પીવું હોય તો બીસલેરીની બોટલમાં બે લવિંગ નાખીને ૧ ઘડી સુધી રાખવું. પછી તે પાણી પીવાના ઉપયોગમાં લઈ શકાય.

૧ ઘડી = ૨૪ મિનિટ.

# જૈન જાગૃતિ સેન્ટર - કાંદિવલી

સંચાલિત

## જૈન સગપણ માહિતિ સેન્ટર

(શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)

**ચતુર્થ યુવક - યુવતી પરિચય સંમેલન (ફક્ત ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ યુવક-યુવતી માટે)**

**રવિવાર તા. ૨૭ મી જાન્યુઆરી ૨૦૧૩ સમય : સવારે ૧૦.૦૦ થી બપોર ૨.૦૦ સુધી**

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો "મંગલ મંચ" એટલે "જૈન સગપણ માહિતી સેન્ટર" જેના દ્વારા રજીસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલા, જેઓની વય ૨૧ થી ૩૧ વર્ષ સુધીની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક/યુવતીઓને તા. ૧૫.૧.૨૦૧૩ સુધીમાં તેમનું નામ રજીસ્ટર્ડ કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારૂં હાર્દિક આમંત્રણ છે.

**સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતી સેન્ટર**

દુકાન નં. ૯, સાંઈરાજ ગાર્ડન, હેમુકલાની રોડ નં. ૩, (ઈરાની વાડી) મોદી પાર્કની સામે,

કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન : ૨૮૬૬ ૦૧૬૯ મો. ૯૩૨૦૨૬૦૬૦૮, ૯૮૨૧૦૫૦૧૬૯.

સમય : દરરોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે

Website : www.jjckandivali.com ❍ Email : info@jjckandivali.com

ADVT



# પંચગનીમાં સ્વાદીષ્ટ ઘર જેવુંજ જમવા માટે પધારો

FOOD VILLE

**"ફુડ વિલે રસોઈ"** સીડની પોઈન્ટ પાસે, પંચગની હાઈવે ટચ.

સવાર - સાંજની મજેદાર શુધ્ધ જૈન / વૈષ્ણવ થાળી.

**"ફુડ વિલે ફાસ્ટ ફુડ રેસ્ટોરંટ" - મેઈન બજારમાં વેજી. માર્કેટ સામે**

સવાર - બપોરે - સાંજ - સ્પેશ્યલ ચા - કોફી, નાસ્તા, કોલ્ડીંક્સ, પાંવ ભાજી, પીઝા, પાસ્તા, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ અને અમારી સ્પેશ્યલ મીસળ પાવ તથા મુંબઈ - ભેલપુરી - પાણીપુરી.

**"જયંતીલાલ ચંદુલાલ શાહ" મેઈન બજારમાં વેજીટેબલ માર્કેટ સામે**

૬૦ વર્ષ જુના અને જાણીતા રીટેલ, હોલસેલ ઉત્તમ ક્વોલીટીનાં અનાજ માટે બર્થડે પાર્ટી, કીટી પાર્ટી, લગ્ન, શુભ પ્રસંગો માટે અમારી કેટરીંગ સર્વીસ ચાલુ છે.

PURE VEG.
FAST FOOD RESTAURANT

તથા ૧ થી ૫ બી.એચ.કે નાં બંગલાઓ / ફ્લેટ ભાડેથી મળશે, અગાઉથી બુકિંગ કરીઆપશું.

**સંપર્ક :- ફોન : ૦૨૧૬૮૨૪૦૩૬૦ • મોબાઈલ : ૦૯૪૨૨૬૦૪૪૩૩ / ૯૮૩૩૫૧૧૫૫૧**

ADVT

# જિન્હેં નાઝ હૈ હિન્દ પર વો કહાં હૈ...

■ કિરણ શાહ (પૂર્વ ચૅરમૅન)

પ્રિય વાચક,

તમે જો એક સંવેદનશીલ વ્યક્તિ હો અને ખરા કળાપ્રેમી હો તો મારે તમને પૂછવાનું શું કે તમે ગુરુદત્તનાં ત્રણ મહાન ચલચિત્ર ''પ્યાસા'', ''કાગઝ કે ફૂલ'' અને ''સાહિબ બીબી ઔર ગુલામ'' જોયાં છે? ન જોયાં હોય તો જોજો, ફરીફરીને જોજો, કારણકે આ ચલચિત્રમાં વાત છે પ્રેમની, છૂટા પડવાની, સમાજની, રીતરિવાજોની અને સાહિત્યની. ત્રણે નાજુક ચલચિત્રો છે. ગુરુદત્ત તેની ૩૯ વર્ષની યુવા વયમાં અને તેમાં પણ તેની લગભગ ૧૭ વર્ષની ચલચિત્રની કારકિર્દીમાં લગભગ ૨૨ ચલચિત્રો સાથે સંકળાયેલા હોય, પણ આ ત્રણ ફિલ્મ જ તેને દુનિયાનો મહાન દિગ્દર્શક, નિર્માતા અને કલાકાર બનાવે છે. થોડાં વર્ષો પહેલાં ગુરુદત્તના મૃત્યુ બાદ ટાઈમ મૅગેઝિને દુનિયાની બધી જ ભાષાનાં અત્યાર સુધીનાં બનેલાં ૨૦૦ સૌથી ઉત્તમ ચલચિત્રોની યાદી બનાવેલી તેમાં આ ત્રણે ચલચિત્રોનો સમાવેશ હતો. આ ચલચિત્રો માનવીય સંબંધો વિશે, તેમાં મળેલી "ECATACY" વિશે કે તેમાંથી મળેલી જીવનની કરુણા વિશે છે...કારણકે સંબંધ એ મનુષ્યજીવનની નિયતિ છે. આ ચલચિત્રોમાં ઉષ્માની, હૂંફની વાત છે તો સંબંધોમાં પ્રવેશતાં ડંખ અને ઝેરની વાત છે. આ ચલચિત્રો એ નાજુક વાતને ખૂબ જ સંયમથી, સંવેદનાથી આપણી સામે મૂકે છે. આંખ ભીની કરે છે. એમાં ચલચિત્રોનાં પાત્રોની મનોવ્યથા જોવા મળે છે. આ ફિલ્મો માત્ર મનોરંજન માટે નથી, પ્રેક્ષકો સાથે એમનો જ-સમાજનો જ ચહેરો જેવો છે તેવો રજૂ કરે છે. એમાં ચાલુ હિંદી ફિલ્મોની રૂપેરી ઝાકઝમાળ કે ચીલાચાલુ ફૉર્મ્યુલા નથી. જૂઠાં સ્વપ્નો દેખાડી ત્રણ કલાક માટે પ્રેક્ષકોને છટકબારીનો નશો નથી આપતાં-બલકે વિચાર કરતાં કરી મૂકે છે. તેમની ફિલ્મોમાં એવો કળાવૈભવ છે કે તે ફિલ્મોને જોનારનું ચિત્ત વધુ સંસ્કારી અને માનવતાવાદી બનાવી દે છે. આ ફિલ્મમાં તેમનું હાસ્ય પણ આપણાં દુઃખ દૂર કરવા માટે નહીં, પણ આપણને દિલાસો આપવા માટે હોય તેમ લાગે છે.

ફિલ્મ ''પ્યાસા''માં એક દિવસ જેના પર તમારો અધિકાર હતો અને એ અધિકારને હસતાં મોંએ જવા દીધો-પ્રિયજનને આપણા વિશ્વમાંથી ખસેડી દીધી-જેની સાથે નાતો તૂટી ગયો છે, વરસોથી જેને મળ્યા નથી, જેને લીધે જીવન છિન્નભિન્ન થયું હતું તે અચાનક, અણધાર્યા મળતાં શું હાલત થાય છે તે ચલચિત્રમાં બહુ ખૂબીથી દર્શાવ્યું છે. માણસની ચેતના અંદરથી સંવાદમય હોવી જોઈએ તેના પર તેમાં ભાર મૂકવામાં આવ્યો છે. આજે તો માણસની લાગણીને પેરાલિસિસ થઈ ગયો હોય તેવી હાલત છે. ચિત્ર જ્યારે પૂરું થાય ત્યારે તમે એક ઉદાસી લઈને ઊઠો છો, આંખો ભીની કરીને ઊઠો છો. આ ફિલ્મનું નામ પહેલા ''કશમકશ'' એટલે કે STRUGGLE રાખવાના હતા, કારણકે તેમાં એક સંવેદનશીલ કવિ-શાયરની કહાની છે, પણ પાછળથી તેને ''પ્યાસા'' નામ આપવામાં આવેલ. તેમાં સાહીર લુધીઆનવીનાં ગીતો અને એસ. ડી. બર્મનનું સંગીત લાજવાબ છે.

''પ્યાસા'' બાદ ગુરુદત્તની બીજી મહાન ફિલ્મ ''કાગઝ કે ફૂલ'', જે બૉક્સ ઓફિસ પર સંપૂર્ણપણે ફ્લોપ ગઈ હતી, તેની થોડી વાત કરીએ. ઘણી વાર મારા મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે સારી વસ્તુઓ અને કળાકૃતિઓ આપણે ત્યાં કેમ વેચાતી નથી? આવા ઉમદા કલાકારોને કેમ આત્મહત્યા કરવી પડે છે? સુરેશ દલાલે એકવાર કહેલું કે આ દુનિયામાં કાગળનાં જ ફૂલો ફળે છે, ચેકબુકના જ દીવા બળે છે, ફોન અને ફેક્સની આ દુનિયામાં મૈત્રીને ખલાસ કરીને મિત્રો ખરીદાય છે. લોકો દુઃખને વેચવા નીકળ્યા છે અને સુખને ખરીદવા નીકળ્યા છે. આવી આ દુનિયામાં નહીં વરસેલાં આંસુઓની ગઠરિયા લઈને ચાલ્યા કરવું એનાથી મોટી કોઈ સજા નથી - ચાલો આપણે સ્મશાનગૃહમાં જઈએ અને સ્મિત ચાંપીને આ આંસુઓનો અગ્નિસંસ્કાર કરીએ. (માણસ એટલે જ આંસુ, સપનાં, આશા, મૃગજળ, પ્યાસ, જીવનની ધારણા, ભ્રમણા, અટકળ અને ઉછીના શ્વાસની બાંધેલી ગઠરિયા). પ્રેમ એ પૂર્વધારણાનો વિષય નથી. કોઈ પૂર્વજન્મનો ડૂમો લઈને જીવવાનું હોય છે. કોઈનોય પ્રેમ કાયમ ટકતો નથી અને અંતે માણસને એકલતા વેઠવી પડે છે અને જે માણસ એકલતાને હડસેલી શકે છે તેને એકાંતનો પોતીકો પ્રાંત મળે છે. ''કાગઝ કે ફૂલ''માં વિષય છે, શું છે જિંદગી, શું છે મહત્ત્વાકાંક્ષા, શું છે સ્વપ્નો? ક્યાં લઈ જાય છે એ બધું, શા માટે જિંદગી માણસને ન જીરવી શકાય તેટલી પીડા આપે છે? ગુરુદત્ત Absolutely Workoholic હતા. તેમ એકવાર ગીતાદત્તને પત્રમાં જણાવેલું, મને જિંદગીમાં

બે જ ચીજ અતિપ્રિય છે. મારું કામ અને તું, પણ મારું કામ મને જેટલી તૃપ્તિ આપે છે તેટલી તૃપ્તિ કદાચ તું ન આપી શકે-કોઈ પણ નહીં-બંનેને દૂર કરનાર કદાચ આ જ બાબત હતી. વહીદા રહેમાન કદાચ તેમાં નિમિત્ત બની હતી.

એમ કહેવાય છે કે પ્રેમની કુંડળી શાપિત હોય છે. જીવનમાં મોટામાં મોટી કરુણતા એ છે કે, Time, place, and Loved one are never together. આ ફિલ્મનું સદાબહાર ગીત ''વક્ત ને કિયા ક્યા હંસી સિતમ'' એટલે જીવનની છેલ્લી ક્ષણ અને મૃત્યુ પછીની પહેલી ક્ષણની ક્ષિતિજ પરનું ગીત. સમય પર આવો રેશમી કટાક્ષ ભાગ્યે જ જોવા મળે છે. ખબર જ પડતી નથી કે માણસ બદલાય છે એટલે સમય બદલાય છે કે સમય બદલાય એટલે માણસ બદલાય છે. ગીતના શબ્દો કેટલા સાચા છે,

જાયેંગે કહા સૂઝતા નહીં
ચલ પડે મગર રાસ્તા નહીં
ક્યા તલાશ હૈ કુછ પત્તા નહીં
બુન રહે હૈ દિલ
ખ્વાબ દમ-બદમ...

આ ગીતનું Picturization according to me is one of the Best of Hindi Movie. શબ્દો સ્વર, ફોટોગ્રાફી, સંગીત બધું જ લાજવાબ. આ ગીતનો ઉપાડ આપણા હૈયાને વીંધી નાખે તેવો છે. પ્રથમ પંક્તિ કાનમાં ધ્વનિ સાથે અંકિત થઈ જાય છે. આ ફિલ્મ હિંદી ફિલ્મની સૌપ્રથમ સિનેમાસ્કૉપ ફિલ્મ હતી. ફિલ્મમાં ગુરુદત્ત અને વહીદા રહેમાનની કૅમેસ્ટ્રી એટલી અસરકારક રીતે વ્યક્ત થાય છે કે ફિલ્મનો સંવાદ ''હમ એક દૂસરે કો કભી ગલત નહીં સમજ સકતે'' પૂરેપૂરો વાસ્તવિક લાગે.

''કાગઝ કે ફૂલ''ની બૉક્સ ઑફિસની નિષ્ફળતા પછી ગુરુદત્તે ફિલ્મ દિગ્દર્શન છોડી દીધું. જોકે આ ફિલ્મના નિર્માણનાં ૨૦ વર્ષ પછી ફિલ્મને દુનિયાના લગભગ બધા જ ફિલ્મ ફેસ્ટિવલમાં ખૂબ જ ખ્યાતિ મળી જે જોવા ગુરુદત્ત હયાત નહોતા.

ગુરુદત્તની આ પછીની ફિલ્મ ''સાહિબ બીબી ઔર ગુલામ'' જેનું દિગ્દર્શન તેના ખાસ મિત્ર અબરાર અલ્વીએ કરેલું. આ ફિલ્મમાં મીનાકુમારીનો અભિનય લાજવાબ હતો. ગુરુદત્તે પણ ભૂતનાથના પાત્રમાં સુંદર અભિનય કરેલો. આ ફિલ્મ પછી ગુરુદત્તે તેની સૌથી સફળ બૉક્સ ઑફિસ હિટ ફિલ્મ ''ચૌદવી કા ચાંદ''નું નિર્માણ કરેલું. ગુરુદત્ત માટે હજુ ઘણુંબધું કહી શકાય તેમ છે, પણ સ્થળસંકોચને કારણે આપણે અહીંયાં અટકીએ...

અંતમાં હું એટલું જ કહીશ, આવા મહાન ફિલ્મસર્જક, અભિનેતા અને દિગ્દર્શકની ફિલ્મ માણવી હોય તો તે જોવામાં આપણે Interpretation અને Interpenetrationની દૃષ્ટિ કેળવવી જોઈએ. આપણામાં સંવેદના હોવી જોઈએ અને એ સમજ હોવી જોઈએ કે વેદના વિના જીવન નથી અને સંવેદના વિના Creativity નથી. ખુવારીના ભય વિના ખુમારી એટલે ગુરુદત્ત

# સફળતા અને સંઘર્ષ

સફળતાથી મોટો નશો કદાચ કોઈ નથી. સફળતા એટલી અગત્યની ચીજ છે કે રાજા રામ પણ જો રાવણ સામે લડે તો લડાઈના અંતે મળતી જીત અર્થાત્ સફળતા મર્યાદાપુરુષોત્તમને પણ પ્રફુલ્લિત કરી દે. સૌને સફળતા ખપે છે, પણ સફળતા પ્રાપ્ત કરવા માટે બહુ ઓછા લોકો સાચી રીતે કાર્ય કરે છે. વિશ્વ નામના વિરાટ મશીનમાં દરેક માણસ એક નાનકડું સાધન છે. આત્મશક્તિ, પરિશ્રમ અને સાચા નિર્ણય થકી કોઈ પણ વ્યક્તિ પોતાના વામન વ્યક્તિત્વને વિરાટ બનાવી શકે. સફળતા પ્રાપ્ત કરી શકે. એના માટે નરી મહેનત કરવાથી કશું વળવાનું નથી. મહેનત પછી કરવી, પહેલાં એ જાણવું-સમજવું રહ્યું કે આ મહેનત શા માટે થઈ રહી છે, એનાથી પ્રાપ્ત શું થવાનું. જે મહેનત અંધારામાં ફાંફાં મારવા બરાબર છે એ સમયનો વ્યય છે, નિષ્ફળતા તરફની દોટ છે. નવરા બેસવું અને દિશાવિહીન દોડવું બેઉમાં કોઈ ફરક નથી. એટલે જ આજે અમુક નિર્ણયો તો લેવા જ રહ્યા. પહેલો નિર્ણય એ કે સફળતા માટે જ કામ કરવું છે, ઢસરડા કરવા માટે નહીં. બીજો નિર્ણય એ કે જે કાર્ય સંદેહ સાથે શરૂ થાય એના પર તત્કાળ પૂર્ણવિરામ મૂકી દેવું. ત્રીજો નિર્ણય એ કે દસ કામને બદલે એક પર મન ઠરે ત્યારે પોતાની તમામ શક્તિ એને ન્યાય આપવા કામે લગાડી દેવાની છે અને ચોથો નિર્ણય, સફળતાના માર્ગમાં અવરોધ સહન કરવા માફ પણ પીછેહઠ કદાપિ માફ નથી. આજે શ્રીગણેશ થઈ જવા દો. નક્કી કરી જ લો કે હવે પછી પસ્તાવો કરાવે એવું કામ નથી કરવું. માત્ર અને માત્ર સફળતા માટે સંઘર્ષ અને મહેનત, બસ. ચમત્કાર એના પછી થઈને રહેશે. તમારા આયખાને પૈસા વસૂલની લાગણી કરાવે એવો ચમત્કાર.




જાગૃતિ સંદેશના તંત્રીનું સજોડે સન્માન



શ્રી કિશોરભાઈ શાહના ૭૫માં જન્મદિનની ઉજવણી : જેજેસીના આંગણે હીરક મહોત્સવ



રમેશ સંઘવીને મેમેન્ટો




જાગૃતિ સંદેશની પ્રતિકાત્મક કેક



સન્માનપત્ર







સન્માન પ્રસંગે હકડેઠઠ જેજેસી પરિવાર – લોકચાહનાની અપૂર્વ અભિવ્યક્તિ !

# One solution for all your Fire Protection needs



Fire Extinguishers



Fire Detection & Alarm Systems



High Pressure Seamless Steel Cylinders

Gaseous Fire Suppression Systems



ADVT

## NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED

FIRE PROTECTION ENGINEERS

Protecting Your most Valuable Assets.








# NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED

CORPORATE HEAD QUARTER

501, Delta, Technology Street, Hiranandani Gardens, Powai, Mumbai 400 076. INDIA ADVT

Tel.: +91 22 4045 7000 Fax : +91 22 6692 0910

Email : nitinfire@vsnl.com Website : http://www.nitinfire.com


TRAVEL 2 FOR THE PRICE OF 1
Come fall in love with Nature again,
experience the magic as we show you a piece of heave

# COME ABOARD AAA TOURS TO CANADIAN ROCKIES WITH CRUISE TO ALASKA

**16 Days / 15 Nights tour exclusively organized for JAIN JAGRUTI group at an unbelievably LOW PRICE!!!**

**INCLUDES ALL ACCOMMODATIONS, EXCURSIONS & VEGETARIAN MEALS**

**Option to select from 02 departures**
**14th JUNE or 19th JULY, 2013**
**starting from CALGARY**

## Highlights of Canada tour

- Helicopter Ride at Banff
- Lake Minnewanka Cruise
- Gondola Ride at Banff
- Columbia Icefield Tour
- Athabasca Falls Tour
- Jasper Tramway Ride to top of Whistler's Mountain.
- Whale Watching & Butchart Gardens Tour, Vancouver tour to Whistler including Peak 2 Peak Gondola
- Ride & Shannon Falls, Vancouver
- Capilano Bridge Tour

## Accommodation

CANADIAN ROCKIES
- Banff
- Jasper
- Kamloops
- Victoria
- Vancouver

ALASKA
- Holland America Cruiseline via the Inside Passage

**AAA voyages**
4th Floor, 16, Aashirwad Bldg, Near Vithal Mandir, Sion (e)
Mumbai - 400 022 . phone: +91 (22) 24077757

**Contact avani on 9867676760 for details**


Banaras
Silk
House
6A,7 Jeshtaram Baug,Dr.B. Ambedkar Road,
Dadar T.T.,Circle, Mumbai - 14.
Tel. : 022 2413 7455

Rajshree **CLOVER**

*Presenting a benchmark for quality of life*



**1 / 2 / 3 BHK FLATS**

Site : Bldg. No 110, Tilak Nagar, Chembur (East), Mumbai - 400 089.

**Ongoing Projects**



Rajshree Amber MALAD (E)

**1 / 2 BHK FLATS**



Rajshree Status GHATKOPAR

**4 BHK FLATS**



Rajshree DAISY CHEMBUR

**2 / 3 BHK FLATS**

Developer :

RAJSHREE BUILDERS

Building A Future Into Every Home

Marketing Consultants :

**Manish D. Vora**

9820144859 / 9324339343

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## નિતી ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૩

જેજેસી પરિવારના સભ્યો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.... એ જેન્ટલમેન્સ સ્પોર્ટસના ભવ્ય આયોજનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

## જેજેસી નીતિ

**ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૩**

શુક્રવાર, તા. ૧૧-૧-૨૦૧૩ દિવસ
શનિવાર, તા. ૧૨-૧-૨૦૧૩ દિવસ
રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ દિવસ-રાત્રી




સ્થળ: NACIL (I) સ્પોટસ કલબ, કાલિના, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૯૮.

મુખ્ય સ્પોન્સર

NITIN FIRE PROTECTION INDUSTRIES LTD.

કો. સ્પોન્સર્સ

JJC NORTH EAST

Nirmal Lifestyle
INNOVATING...CREATING...TRANSFORMING

મેન ઓફ ધ મેચ / સિરિઝ સ્પોન્સર

RAJSHREE
Building A Future Into Every Home

## મેચને લગતી ટૂંકી માહિતી :

- ફાઈનલ અને સેમિ ફાઈનલ મેચ ૧૦–૧૦ ઓવરની રહેશે. જ્યારે એ સિવાયની બન્ને મેચ ૮–૮ ઓવરની રહેશે.
- સમગ્ર મેચમાં નિષ્ણાત અમ્પાયર–કોમેન્ટ્રેટર અને સ્કોરરની નિમણૂક કરવામાં આવશે.
- આ ટુર્નામેન્ટના આયોજનમાં અત્યાધુનિક ટેકનૉલૉજી તથા માધ્યમો (મીડિયા)નો ઉપયોગ કરવામાં આવશે.
- દરેક ખેલાડીના ડ્રેસ ઉપર સ્પોન્સરર / કોં–સ્પોન્સરર અને ટીમ સ્પોન્સરરનો લોગો લગાડવામાં આવશે.
- દરેક ટીમના કેપ્ટને પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો એન્ટ્રી ફોર્મની સાથે જ આપવાનો રહેશે.
- કોઈ પણ ખેલાડી કે અન્ય તરફથી પ્રસ્તુત કોઈ પણ પ્રકારના વિવાદ કે માગણી સમયે જેજેસી–સેન્ટ્રલ બોર્ડની કાર્યવાહક સમિતિના સભ્યોનો નિર્ણય આખરી ગણાશે.
- દરેક મેચમાં "Man of the Match" તથા સમગ્ર ટુર્નામેન્ટમાં દરેક મેચના દેખાવ / રમતના આધારે "Man of the Series" ની પસંદગી નિર્ણાયકો દ્વારા કરવામાં આવશે.
- દરેક મેચમાં ક્રિકેટને લગતા સાધનો : બેટ–સ્ટમ્પ–બૉલ સેન્ટ્રલ બોર્ડ તરફથી આપવામાં આવશે.

વધુ વિગતો માટે સંસ્થાની ઑફિસે સંપર્ક કરવા વિનંતિ : ફોન નં. ૬૬૯૭૩૦૩૮ / ૬૫૭૨૬૬૩૬

**ફૉર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦-૧૨-૨૦૧૨ રહેશે...**

adartagency@gmail.com

# તપ

■ ડૉ. આરતી નલિન વોરા

જીવન જીવવા માટે આહાર આવશ્યક અને અનિવાર્ય છે. તેમ છતાં આત્મસાધનામાં આહાર સાધક અને બાધક બંનેનું કામ કરે છે. ધર્મની આરાધના કર્મનો ક્ષય કરવા માટે કરવામાં આવે છે. કર્મનો ક્ષય કરવા 'તપ'નું આયોજન કરવામાં આવ્યું છે. તે સાથે જ નિષિદ્ધ આહારનું પણ વિધાન કર્યું છે. આહાર પર આસક્તિ ન કરવી તે તપ છે. તપ કરવાથી શરીર કૃષ થાય છે. અર્થાત્ કાયા કૃષ થાય છે અને તેની સાથે કષાય પણ કૃષ થાય છે. તપથી સંવર અને નિર્જરા થાય છે. પ્રવચનસારની ચૌદમી ગાથામાં કહ્યું છે કે, 'સ્વરૂપમાં વિશ્રાંત, તરંગ વિનાના ચૈતન્યનું પ્રતપન તે તપ છે.' શુભાશુભ ઈચ્છાનો નિરોધ તે તપ છે. સમ્યક્ તપથી નિર્જરા થાય છે. આત્મા પર લાગેલાં કર્મો ખરી પડે છે અને પુણ્યકર્મ બંધાય છે. ક્રોધ-માન-માયા-લોભરૂપી કષાયો અને મોહ-રાગ-દ્વેષ વગેરેથી આત્મા કલુષિત થાય છે. તેથી આત્માને શુદ્ધ કરવા તપ કરવું જોઈએ. અનેક જન્મોથી આત્મામાં કર્મ સંચિત થવાથી આત્મા મલિન થાય છે. તપ દ્વારા આત્માની મલિનતા દૂર કરી આંશિક ઉજ્જવળતા પ્રાપ્ત કરી શકાય છે, માટે તપ એ કર્મનિર્જરાનું અનન્ય કારણ છે.

તપ કરવાથી આત્મા પરમાત્મા તરફ જાય છે અને ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરે છે. આત્માનું સૌંદર્ય વધુ નીખરી ઊઠે છે અને મનની તાજગી વધે છે. શરીર અને મનને નિરોગી રાખવા માટે તપ એક અકસીર ઈલાજ છે. ચૈતન્યની વિખરાતી શક્તિઓ સંગ્રહિત કરી તેનો સંયમ કરવો તે તપ છે. તેનાથી અજોડ નવચેતન પ્રગટે છે. ભગવાન મહાવીરે જ્ઞાન-ધ્યાન પછી તપને સ્થાન આપ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની રત્નત્રયી પછીનું સ્થાન તપનું છે. તપ એ જૈન ધર્મમાં મજબૂત પાયા પૈકી એક છે. તપ એટલે તપવું. જે આઠ કર્મને તપાવે અને તેને વિનિષ્ટ કરવામાં સક્ષમ છે તેને તપ કહેવાય છે. જેનાથી પાપકર્મ તપીને નાશ પામે છે તેને તપ કહેવાય છે.

શરીર ટકાવવા આહારની જરૂરત હોય છે, પણ આહાર પર આસક્તિ ન હોવી જોઈએ. આસક્તિ ન કરવી તે જ તપ છે. પૂર્વે જેણે અંતરાય તોડયા હોય તે જ તપ કરી શકે છે. આત્મા પર રહેલા મેલને દૂર કરવા તપ કરવું જોઈએ. આત્માનો મૂળ સ્વભાવ અનાસક્ત-ક્ષમાનો છે. જૈન ધર્મમાં નાની-મોટી અનેક તપશ્ચર્યાનું આયોજન છે. દરેક વ્યક્તિએ પોતાની શક્તિ અને ક્ષમતા પ્રમાણે તપ કરવાં જોઈએ. દેખાદેખીથી, બીજાને સારું લગાડવા, બીજા પાસેથી પ્રશંસા મેળવવા, લાલસા કે લાલચથી વગેરે રીતે તપ કરવું બરાબર નથી. તપનો હેતુ કર્મનિર્જરા કે આત્મશુદ્ધિનો હોવો જરૂરી છે. તપના મુખ્યત્વે બે ભેદ છે. બાહ્ય તપ અને અભ્યંતર તપ. બંનેના છ-છ પ્રકાર છે.

**બાહ્ય તપઃ** જેમાં શારીરિક ક્રિયાની મુખ્યતા છે. પ્રગટ તપ છે-બીજા જેને સ્પષ્ટપણે જોઈ શકે છે, જાણી શકે છે. આમજનતામાં જે તપ નામથી પ્રસિદ્ધ છે તે બાહ્ય તપ છે. તે આત્મામાં પ્રવેશવાનું દ્વાર છે. તેમાં શરીર અને ઈન્દ્રિયોની પ્રધાનતા છે. તેના છ પ્રકાર - અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયાક્લેશ અને સંલીનતા-છે.

**અભ્યંતર તપ :** આંતરિક વૃત્તિઓને જે તપાવે, પરિશુદ્ધ કરે તે અભ્યંતર તપ છે. આત્મશુદ્ધિના અંતરંગ કારણરૂપ આ તપ મન સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે તેથી તને અભ્યંતર તપ કહેવાય છે. આ તપ અદીઠ (જોઈ ન શકાય તેવું) છે અને આત્માને શુદ્ધ કરવાનું મહત્ત્વનું સાધન છે. આ તપમાં આત્મભાવોની પ્રધાનતા છે. તેના છ પ્રકાર - પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ છે.

**બાહ્યતપના છ પ્રકાર વિશે હવે આપણે જોઈએ :**

**૧) અણસણ-અનશનઃ** અણસણ એટલે ખોરાકનો ત્યાગ અથવા ઉપવાસ. અન્ન વગેરે ચાર પ્રકારનો આહાર થોડા સમય માટે અથવા જાવોજીવ છોડવો. અશન એટલે ખાવું અને અનશન એટલે ઉપવાસ કરવો અથવા આહાર ત્યાગ કરવો.

❁ અલ્પકાળ સુધી આહારનો ત્યાગ કરવો અથવા તો નિશ્ચિત સમય માટે આહારનો ત્યાગ કરવો તે ઈત્વરિક અનશન કહેવાય છે.

જેમાં જીવન પર્યંત આહારનો ત્યાગ કરવામાં આવે તેને યાવત્કથિક અનશન કહે છે.

નવકાર ગણીને ખાવું એટલે નવકારશી. નવકારશી એ નાનામાં નાનું તપ છે. ખાધા પછી તેનું પાચન થાય તે સમય દરમિયાન કશું ન ખાવું તે પણ અનશન છે. બે સમયના ખાવા વચ્ચેનો સમયગાળો રાખીએ તે પણ અનશન છે. કર્મભૂમિના મનુષ્યો જ વ્રત-તપ કરી શકે છે. નવકારશી જેવું નાનું તપ કરનારને પણ નર્કમાં જવું પડતું નથી.

**૨) ઊણોદરીઃ** જેમાં ઉદર ઊણું રહે તે ઊણોદરી તપ છે. ઊણ=ઓછું અને ઉદર એટલે પેટ. ભૂખ કરતાં ઓછું ખાવું તે ઊણોદરી તપ છે. બીજા અર્થમાં કહીએ તો પર્યાપ્ત ભોજન કરતાં કંઈક ઓછું જમવું તે ઊણોદરી તપ છે. તેના મુખ્યત્વે ત્રણ ભેદ છેઃ

❀ વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણ યાને સાધનસામગ્રીની મર્યાદા કરવી કે તેની આવશ્યકતા ઓછી કરવી તે **ઉપકરણ ઉણોદરી તપ છે.**

❀ ખાદ્ય-પેયપદાર્થોની મર્યાદા કરવી તે **ભક્તવાન ઉણોદરી તપ છે.**

❀ આંતરિક અશુભવૃત્તિ-કષાયો ઓછા કરવા તે ભાવ **ઉણોદરી તપ છે.**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પણ ઉણોદરી તપ થઈ શકે છે. આ ચારેયમાં વસ્તુની-દ્રવ્યની, ક્ષેત્ર, સમય અને કષાયોમાં મર્યાદા કરવી જોઈએ. ઈન્દ્રિયોને પણ વશમાં રાખવી જોઈએ. જે લોકો કોઈ તપ ન કરી શકતા હોય તે પણ ઉણોદરી જેવું તપ કરી શકે છે. ઉણોદરી તપ કરવાથી કર્મની નિર્જરા થાય છે. સંયમ આવે તેથી સંવર થાય, આસક્તિ અને આળસ-પ્રમાદ ઓછાં થાય છે, જ્ઞાન-ધ્યાન-વાંચન વગેરે કરવાનું મન થાય અને જ્ઞાનવૃદ્ધિ થઈ શકે છે.

**૩) વૃત્તિસંક્ષેપઃ** ખાવાપીવાનાં દ્રવ્યોની મર્યાદા કરવી. સાધુએ ગોચરી કરવી. અભિગ્રહપૂર્વક આહાર આદિ ગ્રહણ કરવાનો નિયમ તે વૃત્તિસંક્ષેપ છે. વૃત્તિની ઈચ્છા થાય છે જે કુદરતી છે, વર્ષોના સંસ્કાર છે, પણ આ જ વસ્તુ જમવામાં લેવી છે તે વૃત્તિનો સંક્ષેપ કરવો એટલે કે ટૂંકાવવું-ઓછું કરવું તે વૃત્તિસંક્ષેપ છે. વૃત્તિ વધારે હોય તેના મન-મગજ તેમાં ને તેમાં જ રહે છે તેથી બીજાં કાર્ય કે ધર્મમાં મન ઓછું લાગે અને આધ્યાત્મિક કે માનસિક વિકાસ થઈ શકતો નથી. આપણે સંસારમાં રહીએ છીએ તેથી સાંસારિક પ્રવૃત્તિ તો કરવી જ પડે છે, પણ આપણું મન તેમાં જોડવું નહિ. કોઈ પણ ક્રિયા રાચી-માચીને કરવી નહિ, તો આસક્તિ સહજ ભાવે જ ઓછી થઈ શકે છે. વૃત્તિસંક્ષેપ તપ કરવાથી આસક્તિ અને કર્મબંધન ઘટતાં જાય છે. વૃત્તિ ઓછી થાય તો મન ઈશ્વરમાં જોડાયેલું રહે. પ્રીતિ હોય ત્યાં જ ઉત્પત્તિ થાય છે. અંત સમયે જીવ ઈશ્વરમાં હોય તો આત્માની સદ્ગતિ થાય છે.

**૪) રસપરિત્યાગઃ** રસનો ત્યાગ કરવો. દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ-સાકર આ છ દ્રવ્યો વિગઈ કે રસ છે. તેનો ત્યાગ કરવો. આમાંથી એક-બે અથવા બધા જ રસના ત્યાગને રસપરિત્યાગ કહે છે. સ્વાદ પર વિજયપ્રાપ્તિ તે જ રસપરિત્યાગ તપ છે. આયંબિલ તપમાં વિગઈઓ વાપરવાની હોતી નથી, તેથી તે તપ મહિમાવંત છે. ઉપવાસ કરતાં પણ આયંબિલનું તપ વધુ ફળદાયી કહેવાય છે. વર્ષમાં બે વાર આયંબિલની ઓળી આવે છે. તેમાં નવ આયંબિલ કરવાના હોય છે. નવ દિવસ વિગઈનો ત્યાગ કરવાનો હોય છે. તે તપમાં પંચપરમેષ્ઠિ અને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ નવની આરાધના કરવાની હોય છે. જેનાથી આ તપ ન થઈ શકતું હોય તે સર્વે દરરોજ જમવામાં એક રોટલી ઘી વગરની ખાઈને આ તપનો કંઈક અંશે લાભ લઈ શકે છે. લઘુ માત્રામાં પણ વિગઈનો ત્યાગ કરે છે.

**૫) કાયક્લેશઃ** કાયાને જ્ઞાન-બુદ્ધિથી કષ્ટ આપવું, કાયાને વિવિધ આસનોમાં રાખીને તપ કરવું. વિશિષ્ટ નિર્જરા માટે કેશલુંચન, આતાપના, આસન આદિ કાયિક કષ્ટોને સહન કરી શરીર પ્રત્યેના મોહભાવને દૂર કરવો તે કાયક્લેશ તપ છે. કાયાને કષ્ટ આપવું તે સમજપૂર્વક અને સમ્યક જ્ઞાનથી સહન કરીએ તો જ તેને તપ કહેવાય છે. સાધુ ગોચરીએ નીકળે અને પરિષહ વેઠે તે કાયક્લેશ તપ છે. એક પગે ઊભા રહીને સાધના કરે તે કાયક્લેશ તપ છે. આપણો ધર્મભાવ-સમજણ સંયમ પર આધારિત છે. સમજણપૂર્વક કર્મનિર્જરા અર્થે તપશ્ચર્યા કરવી તે કાયક્લેશ તપ છે. સંયમ-Control-સમતા-આસક્તિ છોડવાથી મોટાં તપ કરતાં પણ તે વધુ ફળદાયી બને છે. જીવનમાં સમતા રાખવી, મનોબળ દૃઢ રાખવું અને ક્ષમતા પ્રમાણે તપ કરવું જોઈએ.

**૬) પ્રતિસંલીનતાઃ** ઈન્દ્રિયો અને મન પર સંયમ રાખવો અને આત્માને વશ કરવો તે પ્રતિસંલીનતા તપ છે. પ્રતિસંલીનતાનો અર્થ ઈન્દ્રિયોને ગોપવવી થાય છે. ઈચ્છાનો Control કરવો. બાહ્ય તપ પૈકી આ છેલ્લું તપ છે. વ્યક્તિનો ચહેરો તે તેનું દર્પણ છે. તે તેના મનના ભાવનું દર્શન કરાવે છે. પ્રતિસંલીનતા રાખવાથી ગરવાઈ-સંતોષ-આભા-તેજ-કાંતિ જેવા ભાવો મુખ પર દેખાય છે. આત્માને પરભાવમાંથી સ્વભાવમાં સ્થિર કરવો તે સંલીનતા છે. તેના ૪ (ચાર) પ્રકાર છેઃ

❀ ઈન્દ્રિયોને તેના વિષયોથી હટાવી સ્વસ્વરૂપમાં લીન થવું તે **ઈન્દ્રિય પ્રતિસંલીનતા છે.**

❀ કષાયોથી બચવા ક્રોધ-માન-માયા-લોભનું નિયંત્રણ કરવું તે **કષાયસંલીનતા છે.**

❀ મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિને કાબૂમાં રાખવી તે **યોગ પ્રતિસંલીનતા છે.**

❀ વિકારોત્પાદક સ્થાનનો ત્યાગ તે **વિવિક્ત ચર્યા પ્રતિસંલીનતા છે.**

*(વધુ આવતા અંકે...)*

# પિરામિડથી ભાગ્યસમૃદ્ધિ

વાસ્તુશાસ્ત્રનો પાયાનો સિદ્ધાંત મનુષ્યને કુદરતની નજીક રાખવાનો છે. ભૌતિક યુગની જરૂરિયાતને ન પહોંચી વળવાને લીધે માનવી અસંતુલિત બની જાય છે. વાસ્તુશાસ્ત્ર માનવીને પ્રકૃતિ સાથે સુસંગત થઈ જીવતા શીખવે છે. પૃથ્વી પરના સૂર્યપ્રકાશ, પવનની દિશા, ગતિ, તીવ્રતા, પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ અને બ્રહ્માંડના પદાર્થોની પૃથ્વી પર થતી અસરો આ દરેક પાસાંને ધ્યાનમાં લઈને વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો રચાયા છે. માનવીના જીવનમાં ઘરનું મહત્ત્વ કેટલું છે તે તો આપણે સહુ જાણીએ જ છીએ. જેમ શરીરનાં દરેક અંગનું એટલું જ મહત્ત્વ છે તેવી જ રીતે ઘરની અંદર રસોડું, શયનકક્ષ, પૂજારૂમ, બેઠકરૂમ, સ્ટડીરૂમ, મુખ્ય પ્રવેશદ્વાર દરેકનું એટલું જ મહત્ત્વ છે. આજે આપણે એ દરેક રૂમનું વાસ્તુ કેવું હોવું જોઈએ તે જાણીશું.

૧) રસોઈઘર (કિચન)ઃ સ્ત્રી ઘરનો આત્મા છે અને રસોઈઘર એનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. ઘરની દરેક વ્યક્તિના આરોગ્યનો આધાર રસોઈઘર છે. વાસ્તુમાં કહ્યું છે તેમ આપણું કિચન ઘરના અગ્નિ ખૂણામાં હોવું જોઈએ. અગ્નિતત્ત્વ સાથે અગ્નિનો તાલમેલ સર્જાવાથી એ તત્ત્વનું બેલેન્સ થાય છે. સવારના સૂર્યનાં કિરણો રસોડામાં આવવાથી સ્ત્રીનું આરોગ્ય સારું અને મન પ્રફુલ્લિત રહે છે. રસોઈ કરતી સ્ત્રીનું મુખ પૂર્વ દિશા તરફ હોવું જરૂરી છે. સિંક કે પાણિયારું રસોડાની ઉત્તર-પૂર્વ તરફ હોવું જોઈએ. દરવાજાથી પ્રવેશ કરતા ગૅસનો ચૂલો નજરે ન પડવો જોઈએ. મુખ્ય ઓવન, મિક્સર વ. અગ્નિ સંબંધિત ઉપકરણો અગ્નિ ખૂણા બાજુ રાખવાં જોઈએ. ગૅસને જમીનથી થોડો ઉપર રાખવો જોઈએ. ડાઈનિંગ ટેબલ રસોડામાં હોય તો વાયવ્ય ભાગમાં રાખવું જોઈએ. રસોડામાં નકામા પ્લાસ્ટિકના, ધાતુના ખાલી ડબ્બા, બૉટલો, તૂટેલાં વાસણો, બરણીઓ વગેરે કંઈ જ નહીં રાખવું જોઈએ. આરોગ્ય અને સમૃદ્ધિ બંને રસોઈઘર સાથે સંકળાયેલાં છે. રસોડું બને તેટલું સ્વચ્છ અને સુઘડ રાખવું જોઈએ.

૨) શયનખંડ (બેડરૂમ)ઃ દિવસના લગભગ આઠ કલાક આપણે શયનખંડમાં વિતાવીએ છીએ. જિંદગીનો ૧/૩ ભાગ આપણે બેડરૂમમાં વીતે છે. જો આપણી ઊંઘ સ્વસ્થ અને ઊંડી હોય તો બીજો દિવસ આરામદાયી અને આનંદદાયી પસાર થાય છે, જેની અસર આપણા દરેક ફેક્ટર પર પડે છે. ઘરની મુખ્ય વ્યક્તિનો બેડરૂમ ઘરના નૈઋત્ય ખૂણામાં હોવો જોઈએ. પશ્ચિમ દિશા બાજુનો રૂમ છોકરાઓ માટે ઉત્તમ છે. અપરીણિત છોકરા-છોકરીઓને પૂર્વ દિશામાં રૂમ આપી શકાય. બાળકોને પૂર્વ દિશા તરફ માથું રાખીને સૂવડાવવાં જોઈએ. ઘરની મુખ્ય વ્યક્તિએ ૪૦ વર્ષની ઉંમર પછી દક્ષિણમાં જ માથું રાખીને સૂવું જોઈએ. વોર્ડરોબને દક્ષિણ અથવા પશ્ચિમમાં મૂકવા જોઈએ. ટી.વી., એસી વગેરે ઈલેક્ટ્રિક વસ્તુઓ બેડરૂમમાં અગ્નિ ખૂણામાં રાખવી જોઈએ. બિંબ અથવા મેડા નીચે સૂવું હિતાવહ નથી. મોટા દીકરાનો રૂમ ઉત્તર પશ્ચિમમાં ચાલી શકે. મોટી ઉંમરની વ્યક્તિ અને નાનાં બાળકોને ઉત્તર-પૂર્વમાં બેડરૂમ આપી શકાય. માસ્ટર બેડરૂમમાં આછા ગુલાબી રંગની દીવાલો અને પડદા રાખવા જોઈએ. શયનગૃહમાં રાધાકૃષ્ણની જોડી, લવબર્ડ્સની જોડી, બે લાલ ગુલાબનું ચિત્ર વગેરે મૂકવાથી પતિ-પત્ની વચ્ચે અરસપરસ પ્રેમ અને હાર્મની વધે છે. બને ત્યાં સુધી શયનખંડમાં ટોઈલેટ ન હોવું જોઈએ.

૩) સ્ટડીરૂમ : (અભ્યાસખંડ) બાળકોની યાદશક્તિ અને એકાગ્રતા વિકસાવવામાં સ્ટડીરૂમ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘરના નૈઋત્ય અને વયવ્ય ખૂણામાં ક્યારેય સ્ટડીરૂમ નહીં બનાવવો જોઈએ. પશ્ચિમ અથવા પૂર્વ દિશામાં રાખવો જોઈએ. આ જગ્યાએ અભ્યાસખંડ હોય તો બુદ્ધિ, જ્ઞાન, એકાગ્રતા અને સમજણશક્તિ વિકસે છે. અભ્યાસ કરતી વખતે બાળકોનું મુખ પૂર્વ અથવા ઉત્તર દિશામાં હોવું જોઈએ જેથી વૈશ્વિક ઊર્જાના શુભ તરંગોના લાભ મળે છે. આજકાલ સ્ટડી ટેબલની ડિઝાઈન એવી હોય છે કે બાળકો ભણવા બેસે ત્યારે સામે દીવાલ હોય છે અથવા યુનિટ હોય છે તે મસ્તકમાં તનાવ ઉત્પન્ન કરે છે. તેથી દીવાલથી ઓછામાં ઓછું પાંચથી છ ફૂટનું અંતર હોય તેવી રીતે બેસાડવા જોઈએ. બને તો પાછળ દીવાલનો સપોર્ટ હોય તો વધારે સારું. સામે સરસ્વતી માતાનો ફોટો અને પિરામિડ રાખવાથી સ્મરણશક્તિ વિકસે છે. સ્ટડીરૂમમાં ભડકીલા રંગો, હિંસક પ્રાણીઓનાં ચિત્રો, યુદ્ધનાં ચિત્રો, અણિવાળી-ધારવાળી ચીજો વગેરે ન રાખવા જોઈએ. ઉપરોક્ત દરેક જગ્યા અગર વાસ્તુ પ્રમાણે નથી તો પિરામિડ દ્વારા તે જગ્યાની એનર્જી (વાસ્તુ) ઠીક કરી શકાય છે.

■ *મીનાક્ષી શેઠ (૯૩૨૦૨૭૭૬૫૫)*

COMMERCIAL

# લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (LLP)

■ અમિત કોઠારી (જેજેસી-મલાડ)

**LLPનો પરિચય :**

LLP વેપાર માટેનું એવું માળખું છે, જેમાં કંપનીની સિમિત નાણાકીય જવાબદારી (Limited Liability) અને પાર્ટનરશિપ (ભાગીદારી)ની કાર્યવાહી સરળતાના બંને ગુણો ઉપલબ્ધ છે. LLP કાયદાકીય અસ્તિત્વ ધરાવે છે. ભાગીદારોમાં ફેરફાર થવા છતાં LLPનું અસ્તિત્વ કાયમ રહે છે. LLP કાયદાકીય કરારો કરી શકે છે તેમ જ પોતાના નામે મિલક્ત ધરાવી શકે છે.

LLPના ભાગીદારોની નાણાકીય જવાબદારી તેમણે રોકેલી મૂડી (Contribution) પૂરતી મર્યાદિત હોય છે. સ્થાપવા માટે નફો મેળવવાના ઉદ્દેશથી સ્થાપેલો કાયદેસર વેપાર હોવો જરૂરી છે. એટલે Non-Profitable motive માટે LLP સ્થાપી શકતી નથી. LLPને 'Indian Partnership Act, 1932' લાગુ પડતો નથી, પણ તેનું સંચાલન 'Limited Liability Partnership Act, 2008'ના નિયમો અનુસાર થાય છે.

LLP સ્થાપવા માટે ઓછામાં ઓછા બે ભાગીદારો હોવા આવશ્યક છે, જ્યારે મહતમ ભાગીદારોની સંખ્યા માટે કોઈ સીમા નથી. કંપની પણ LLPમાં ભાગીદાર બની શકે છે.

**સામાન્ય ભાગીદારી અને LLP વચ્ચેનો તફાવત :**

સામાન્ય ભાગીદારીમાં, ભાગીદારી પેઢી અને અન્ય ભાગીદારોએ (ભાગીદાર તરીકે) કરેલા વ્યવહાર માટે દરેક ભાગીદાર વ્યક્તિગત રીતે અને સંયુક્તપણે જવાબદાર હોય છે.

દા.ત. : અગર ભાગીદારી પેઢીની મિલકત કે અમુક ભાગીદારોની અંગત મિલકત ભાગીદારીની નાણાકીય જવાબદારી ચૂકવવા માટે પૂરતી ન હોય તો અન્ય ભાગીદારોએ તેમની અંગત (Personal) સંપત્તિમાંથી ભાગીદારીની જવાબદારી ચૂકવવાની રહે છે.

પરંતુ LLPમાં ભાગીદારોની જવાબદારી માન્ય કરેલા ફાળા (Agreed Contribution) સુધી સીમિત રહે છે. કોઈ પણ ભાગીદાર અન્ય ભાગીદારોનાં સ્વતંત્ર અને અનધિકૃત કાર્યો માટે જવાબદાર ગણાતા નથી.

**કંપની અને LLP વચ્ચેનો તફાવત :**

કંપની અને LLP વચ્ચેનો મૂળભૂત તફાવત એ છે કે કંપનીનો આંતરિક કારભાર Companies Act, 1956ના કાયદા અનુસાર ચાલે છે. જ્યારે કે LLPનું સંચાલન ભાગીદારો વચ્ચેના કરાર (Agreement) અનુસાર ચાલે છે. કંપનીમાં જોવા મળતું સંચાલન અને માલિકી વચ્ચેનું વિભાજન, LLPમાં નથી હોતું. LLP કંપની કરતાં વધારે સરળ માળખું ધરાવે છે તેમ જ તેને ઓછી કાયદાકીય જરૂરિયાતો પૂરી કરવી પડે છે.

**LLP ના ભાગીદારો :**

કોઈ પણ વ્યક્તિ કે 'Body Corporate' LLPમાં ભાગીદાર બની શકે છે. તેમાંથી ઓછામાં ઓછા બે ભાગીદારો 'Designated Partner' તરીકે નિયુક્ત કરવા પડે છે. 'Designated Partner LLP' માટેના કાયદાકીય નિયમોના પાલન માટે જવાબદાર હોય છે. ઓછામાં ઓછા એક Designated Partnersનું ભારતના રહેવાસી હોવું આવશ્યક છે. Designated Partners Individual હોવા જોઈએ અને જ્યાં બધા અથવા એકથી વધારે ભાગીદારો Body Corporate હોય ત્યાં Body Corporateએ નિમેલી વ્યક્તિ (Nominee) Designated Partner બની શકે છે.

**LLPના ભાગીદારોની આર્થિક જવાબદારીઓ :**

LLPના દરેક ભાગીદાર, LLPના વેપાર માટે LLPના એજન્ટ ગણાય છે, પરંતુ અન્ય ભાગીદારોના એજન્ટ ગણાતા નથી. અનધિકૃત વ્યવહાર, છેતરપિંડી અને બેદરકારી સિવાયના સંજોગોમાં LLPના ભાગીદારોની આર્થિક જવાબદારીઓ મર્યાદિત રહે છે. કોઈ પણ ભાગીદાર અન્ય ભાગીદારના ખોટા કે અનધિકૃત વ્યવહાર અને ભૂલો માટે જવાબદાર ગણાતા નથી. લેખિત કરાર કે અન્ય કારણોસર ઉદ્ભવેલી LLPની કોઈ પણ જવાબદારી ફક્ત LLP પૂરતી સીમિત રહે છે અને LLPની સંપત્તિથી ચૂકવવામાં આવે છે.

**LLPનું સંચાલન અને ROC ને લગતા અન્ય નિયમો :**

દરેક LLP માટે વાર્ષિક ખાતા (Annual Accounts) બનાવવા અને જાળવવા આવશ્યક છે તેમ જ એ દર વર્ષે

"Statement of Accounts and Solvancy" Roc રજિસ્ટ્રાર પાસે ફાઈલ કરવા પડે છે. જે LLPમાં વાર્ષિક ટર્નઓવર (Turnover) ચાળીસ લાખ (40 Lacs) કે તેથી વધુ હોય અથવા ભાગીદારી દ્વારા કરેલું મૂડીરોકાણ પચ્ચીસ લાખ (25 Lacs) કે તેથી વધુ હોય તેવી LLPએ ઑડિટ (Audit) કરાવવું ફરજિયાત છે. LLPએ ફાઈનાન્શિયલ વર્ષ પૂર્ણ થવાના ૬૦ દિવસની અંદર Roc પાસે વાર્ષિક રિટર્ન ભરવા આવશ્યક છે. આ વાર્ષિક રિટર્ન જાહેર તપાસ માટે ઉપલબ્ધ રહે છે.

નીચે જણાવેલ દસ્તાવેજો જાહેર તપાસ માટે મળી શકે છે :

૧) ઈન્કૉર્પોરેશન (Incorporation)ના દસ્તાવેજો

૨) ભાગીદારોનાં નામ અને તેમાં થયેલી ફેરબદલી

૩) Statement of Accounts and Solvancy

૪) વાર્ષિક રિટર્ન

**Taxation**

LLPના Taxation વિષેની ચર્ચા આવતા અંકમાં કરીશું.

# ઘોંઘાટ (નોઈસ પોલ્યુશન) ખતરનાક છે...

■ ભાવેશ શાહ

અતિશય ઘોંઘાટ હોય કે મોટેથી વાગતાં લાઉડસ્પીકર્સ હોય, તેનાથી આપણા હૃદયને લોહીનો પુરવઠો પૂરો પાડનારી રક્તનલિકાઓ સંકોચાય છે, સરળતાથી ફરતા રક્તની ગતિમાં અવરોધ ઉત્પન્ન થાય છે અને લોહીનું દબાણ વધવાથી 'ઍટેક' આવવાનું જોખમ વધે છે. અતિશય અવાજ વખતે મોટેથી બોલવું પડે, તેનાથી સ્વરપેટીને ઘસારો પહોંચે છે.

